M

lew Eng

NO ...

(કમીલન ન્યુ ઇંગ્લીશ રીડર નં. ૨ ના અર્થ
વિગેરેની નોટ).

BY

T. S. TRIVEDI.

Published by

ANCHHODLAL MOTILAL. Shah.

Bookseller, Richy Road, AHMEDABAD.

Printed by Dahyabhai Shakrabhai Gandhi at Shri
Satya Prakash Printing Press-Khadia-AHMEDABAD.

Second Edition] 1916 [Copies 1250

Price 10 annas.

!! ખરીદો !!!

જાતર.

૧ ઇન્દુ ગુજરાતી ડીક્ષનરી
...માં સૌથી સરસ ને કિંમ
...ંદ પડેલી પુષ્કળ શબ્દોના ભંડારથી ભરપુર બંધ બેસતા અર્થોવાળી, ઉત્તમ ગોઠવણીવાળી ફર્સ્ટ કલાસ **ડીક્ષનરી** ખરીદ કરવી હોય તો આજ ડીક્ષનેરી ખરીદ કરો. આ ડીક્ષનરી ખરીદ કરી એટલે પછી બીજી એકે ડીક્ષનેરી ખરીદવી પડશે નહિ. નિરર્થક શબ્દનું લંબાણું કરી વિદ્યાર્થીઓને ખોટો કંટાળો ન આપતાં જેમ બને તેમ દરેક લાઇનને લગતાં વધુ શબ્દોનો સમાવેશ કરેલો છે. જ્યાં જુદા જુદા અર્થ થાય છે ત્યાં ઇટાલીક ફીગરમાં જુદો અર્થ દર્શાવ્યો છે. તેથી વિદ્યાર્થી પોતાનો જોઇતો શબ્દ વગર કંટાળે જલ્દી શોધી કહાડે છે. માટે બીજી એકે ડીક્ષનેરી ખરીદ ન કરતાં ઉપલીજ ડીક્ષનેરી ખરીદવા ભલામણ કરીએ છીએ. ગ્લેઝ **કાગળની-સુશોભીત સોનેરી બાઇન્ડીંગની-સુપરરોયલ આઠ પેજી બસો ફ઼ુ·માની છે.** ડીક્ષનેરીનું ઉપયોગીપણું તથા સાઇઝ જોતાં કિમ્મત મૂળથીજ જુજ રૂ. ૬-૦-૦ રાખેલી છે; છતાં પણ વિદ્યાર્થીઓને વધુ **લાભ આપવા સારૂ** રૂ ૫-૪-૦ આપીશું. વી. પી. પોષ્ટેજ જુદું. વળી દરેક વિદ્યાર્થીઓ લે તે માટે અમોએ સહજ હલકા કાગળમાં છપાવેલી છે, તે હાલમાં રૂ. ૪-૦-૦ આપીશું.

બીજી ઉપયોગી ડીક્ષનરીઓ.

૨ ધ સ્ટુડન્ટસ ઇ. ઇન્ડુ ગુ. ડીક્ષનરી—(કારભારી કૃત.) **સુપર રોયલ આઠ પેજી ૫૫૦ પાનાની છે. પૂંઠું સોનેરી ભભ...બંધ છે.** કિં. રૂ. ૩-૦-૦ છે, તે હાલમાં ઘટાડેલી કીંમત રૂ... -૦ આપીશું. વી. પી. જુદું.

A Guide to MACMILLAN'S NEW ENGLISH READER NO. II.

1 GOD.

૧ (ગૉડ) પરમેશ્વર.

1 God—ગૉડ *n*—પરમેશ્વર.

Made—મેઇડ *v. pt*—બનાવ્યો. સુચના–To Make–મેઇક–બનાવવું. આ એક અનીયમિત ક્રીયાપદ છે, ભૂતકાળ Made; ભૂતકૃદંત Made.

Loves—લવ્ઝ *v. t.*—ચાહે છે. V. inf. to love—ચાહવું. Loved—લવ્ડ–ચાહ્યું. Loved (ભુતકૃદંત)–ચાહેલું.

Gives–ગીવ્ઝ *v. t.*—આપે છે. V. inf. to give—આપવું. Irregular Verb ઇર્‌રેગ્યુલર વર્બ–અનીયમિત ક્રીયાપદ. Gave—ગૅવ–આપ્યું. Given—ગીવન્–આપેલું.

Many—મે'ની *adj*—ઘણી. સુચના—એક, બે, ત્રણ, એમ સંખ્યા ગણી શકાતી હોય ત્યારે Many વપરાય છે. જ્યારે જથ્થો બતાવાતો હોય ત્યારે Much મચ્ *adj*—ઘણું વપરાય છે. દા. Many boys; Much milk.

Good—ગૂડ્ *adj*—સારી.

Things—થીંગ્ઝ્ n. *pl.* ચીજો.   Air—એર્ *n.*—હવા.

To breathe—ટુ બ્રીધ્ *v. t.*—શ્વાસ લેવાને (શ્વાસ લેવો).

Food—ફૂડ *n*—ખોરાક.

Clothes—ક્લોધ્ઝ્ *n-pl*—લુગડાં.

To wear—ટુ વર્ *v. t.*—પહેરવાને (પહેરવું)

Clothes to wear—પહેરવાને લુગડાં.

A home—એહોમ્ *n*-ઘર. ઇંટના બાંધેલા ઘરને માટે House હાઉસ્ શબ્દ છે, જેમાં કુટુંબ રહેતું હોય અથવા જે આપણુંજ ઘર હોય તેને માટે Home શબ્દ વાપરીયે છીએ.

A home to live in—રહેવાને ઘર (મોઢે કરવું).

Dear—ડીયર્—*adj*—વ્હાલાં.

Friends—ફ્રેન્ડ્ઝ્ n. *pl*—મિત્રો, ભાઇબંધો.

2 Ears—ઇઅર્સ—*n. pl*—કાન.

Ears to hear—સાંભળવાને કાન.

Eyes to see—જોવાને આંખ. Nose—નોઝ્ *n*-નાક.

To smell—ટુ સ્મેલ્ *v. t.*—સુંઘવાને (સુંઘવું).

A nose to smell—સુંઘવાને નાક.   [લેવો, ચાખવું)

To taste—ટુ ટેઇસ્ટ્ *v. t*—ચાખવાને, સ્વાદ લેવા (સ્વાદ

To speak—ટુ સ્પીક્ *v. t.*—બોલવાને (બોલવું).

A mouth with which I can taste and speak—ચાખવાને અને બોલવાને મ્હોં; ચાખી શકું અને બોલી શકું તેટલા માટે મ્હોં.

Hands—હેન્ડ્ઝ્ *n. pl.*—હાથ.

So that—સો'ધૅટ્—એટલા માટે કે.

Feel—ફીલ્ *v. t*—તપાસવું, પારખવું. ભૂતકાળ Felt; ભૂતકૃદંત Felt.

Work—વર્ક્-v—કામ કરવું.

He gave me hands so that I can feel and work—

તેણે મને એટલા માટે હાથ આપ્યા છે કે હું પારખી શકું અને કામ કરી શકું; પારખી શકવા અને કામ કરવા માટે તેણે મને હાથ આપ્યા (છે).

Feet—ફીટ્ *n. pl*—પગ (ઘૂંટણથી પગના તળીઆ સુધીના ભાગને માટે આ શબ્દ વપરાય છે. તે શિવાયના ભાગ માટે Leg વપરાય છે. Foot—ફુટ—*n.* sing પગ).

Has given—હેઝ્ ગીવન્—આપી છે. પૂર્ણવર્તમાનકાળ.

Mind—માઇન્ડ *n*—મન, મગજ, બુદ્ધિ.

To think—ટુથીંક્ *v.* વિચારવા, વિચારવું.

Know—નો' *v*—જાણવું. Right—રાઇટ *adj*—ખરૂં, સત્ય

Wrong—રૉંગ્ *adj*—ખોટું, અસત્ય.

3 The sun—ધ સન્ *n*—સૂર્ય.

The moon—ધ મૂન્ *n*—ચંદ્ર. Stars—સ્ટાર્સ *n. pl*—તારા.

Beasts—બીસ્ટસ્ *n-pl*—પશુઓ; જનાવરો.

Ground—ગ્રાઉન્ડ *n*—જમીન.

Birds—બર્ડ્ઝ *n. pl*—પક્ષીઓ.

Fly—ફ્લાય્ *v. int*—ઉડે છે. (To fly—ઉડવું)

Fishes—ફિશીઝ્ *n. pl*—માછલીઓ. સૂચના-Fish શબ્દનું બહુવચનનું રૂપ તેજ છે પણ જ્યારે જુદી જુદી જાતની માછલીઓ વિષે બોલતા હોઇએ ત્યારે Fishes થાય છે

Worms—વર્મ્સ *n. pl*—કીડા.
Insects—ઇન્સૅક્ટસ *n. pl*—જંતુઓ, જીવડાં.
Everything—એવ્રીથીંગ્-દરેક ચીજ; દરેક વસ્તુ. [લખવો
4 Cannot—કેનૅાટ – શકવું નહીં. સુચના—આ શબ્દ હમેશાં ભેગો
We cannot see—આપણે જોઈ શકતા નથી.
He–હી–pron–તે (પરમેશ્વરને માટે જે નામ અથવા સર્વનામ
વપરાય છે તેનો પહેલો અક્ષર Capital-મોટા અક્ષરે લખવો
Care—કે'ર્ *n* —સંભાળ.
To take caıe of—ની સંભાળ લેવી.
To please–ટુ પ્લીઝ્ *v. t*–રીઝવવાને, ખુશી રાખવાને, રાજી રાખવા.
Steal—સ્ટીલ્ *v. t*–ચોરવું.
Anything—એનીથીંગ–કાંઇ, કાંઇ ચીજ.
Else—એલ્સ *adj*—બીજી.
Anything else—બીજું કાંઇ, બીજી કાંઇ ચીજ.
Hates—હેઇટસ *v.*–ધીક્કારે છે. V. inf. To hate–ધીક્કારવું.
5 How—હાઉ *adv.*—કેવો !
How good—હાઉ ગુડ-કેવો ભલો ! (ભલો છે !
How good is God to me—ઇશ્વર મ્હારા તરફ કેવો
Must—મસ્ટ્ *v.* જોઇએ. (ભારરૂપ.)
I must love—મારે ચાહવો જોઇએ.
Praise—પ્રેઇઝ્ *v.* t—વખાણવું; વખાણ કરવાં.
To pray to—ટુ પ્રે'ટુ—*v int.*—ની પ્રાર્થના કરવી,
Sin—સીન્ *n* —પાપ.
To keep me from all sin—મને બધા પાપથી દુર રાખવાને
Then—ધે'ન્ *adv*—ત્યારે. Happy—હૅપી *adj*—સુખી.

2 GOD MADE ALL THINGS.

૨ (ગૉડ્ મેઈડ્ ઑલ થીંગ્ઝ) પરમેશ્વરે બધી ચીજો બનાવી.

Pretty—પ્રેટી *adj*—સુંદર.

Colours—કલર્સ *n.* pl—રંગો N. sing Colour—રંગ.

Tiny—ટાઇની *adj*—ન્હાની, નાજુક.

Wings—વીંગ્ઝ *n.* pl—પાંખો. Wing પાંખ.

Flower—ફ્લાવર્ *n.* ફૂલ.

Opens—ઓ'પન્સ *v. t.*—ઉઘડે છે. *v.* inf. To open–ઉઘડવું, ઉઘાડવું, ભૂતકાળ અને ભૂતકૃદંત opened.

Sings—સીંગ્ઝ *v. t*—ગાય છે. સુચના—To sing—ગાવું. અનિયમિત ક્રીયાપદ છે. ભૂતકાળ Sang—સૅંગ-ગાયું; ભૂતકૃદંત. Sung.—ગાયેલું.

Hill—હીલ્લ્—*n.*—ટેકરી. Lofty—લૉફ્ટી *adj*–ઉંચા, ઉંચો.

Mountain—માઉંટન્ *n* પર્વત. River—રિવર્ *n*—નદી.

Running by—રનીંગ્ બાય *pr. pt.*-પાસે થઇને વહેતી. સૂચના–ક્રિયાપદના છેડે બાર આવતો હોય; છેલ્લો અક્ષર વ્યંજન હોય અને તેના પહેલાં એકજ સ્વર હોય તો ing પ્રત્યય લગાડતાં પહેલાં છેલ્લો વ્યંજન બેવડાવવો. વર્તમાનકાળ, ભૂતકાળ ,અને ભૂતકૃદંતના એકજરૂપ છે.

The river running by—પાસે થઇને વહેતી નદી.

Evening—ઇવનીંગ્ *n*—સાંજ.

Morning—મૉર્નીંગ્ *n*—સવાર. That—ધૅટ્. *pron*—જે.

Brightens up—બ્રાઇટન્સ અપ *v. t.*—અજવાળું આપે છે.

પ્રકાશ આપે છે. V. inf. To brighten up ચળકાવવું. પ્રકાશ આપવો.

The morning that brightens up the sky—આકાશને પ્રકાશ આપે છે (ચળકાવે છે) તે સવાર.

3 Cool—કૂલ *adj*—ઠંડી, ઠંડા.

Gentle-જેન્ટલ્ *adj*—ધીમી, મીઠી.

Breezes—બ્રીઝોસ્ *n. pl*—પવનની લહેરો; પવનના સપાટા.

Ripe—રાઇપ *adj*—પાકેલાં, પરિપક્વ.

Fruits—ફ્રુટસ્ *n. pl*—ફળો.

Garden—ગાર્ડન *n.*—બાગ, વાડી, બગીચો.

Every one—એવ્રિ વન્—દરેકે દરેક, દરેક.

---

3 THE RISING SUN.

3 (ધ રાઇઝીંગ સન્) ઉગતો સૂર્ય.

1 Rising—રાઇઝીંગ્ *pr. pt.*—ઉગતો. V. inf. To rise—ઉગવું, ભૂતકાળ Rose રોઝ્-ઉગ્યું; Risen-ભૂતકૃદંત. ઉગેલું.

Just—જસ્ટ્ *adv.* હમણાં.

Has risen—હૅઝ્ રીઝન્—ઉગ્યો છે (પૂર્ણવર્તમાનકાળનું રૂપ).

The sun has just risen in the sky—સૂર્ય હમણાંજ આકાશમાં ઉગ્યો છે.

Higher-હાયર *adj*-વધારે ઉંચું. High-હાય-ઉંચું Higher-વધારે ઉંચું; Highest-સૌથી વધારે ઉંચું.

Getting higher and higher—વધારેને વધારે ઉંચો ચડતો. (To get higher and higher-વધારેને વધારે ઉંચું.)

All night long—ઑલ્ નાઇટ્ લૉંગ્—આખી રાત. સૂચના—
આ વાક્ય યાદ રાખવું.

Has been giving—હેઝ્ બીન્ ગીવીંગ્—આપે છે. સૂચના–ગયા વખતમાં શરૂ થએલુ કામ ચાલુકાળ સુધી ચાલુ હોય ત્યારે આ પૂર્ણ ચાલુરૂપ વપરાય છે.

Light—લાઇટ્ *n*—અજવાળું.

Heat—હીટ્ *n*—તાપ, તડકો, ગરમી.

Lands—લૅન્ડ્ઝ્ *n-pl.*—દેશો.

Far away—ફા'ર અવે' *adv*—ઘણે દૂર.

2 Dark—ડાર્ક *adj*-અંધારી.

We could not see anything—આપણે કાંઇપણ ચીજ જોઇ શક્યા નહીં. સૂચના—can નું ભૂતકાળ could–કુડ—થાય છે.

Clearly—ક્લીઅર્લી *adv*—ચોખ્ખી રીતે, સ્પષ્ટ રીતે. સૂચના. Clear *adj*—ચોખ્ખું. વિશેષણને ly પ્રત્યય લગાડવાથી ક્રીયાવિશેષણ થાય.

Fields—ફીલ્ડ્ઝ્ *n. pl.*—ખેતરો.

Ponds—પૉન્ડ્ઝ્ *n. pl.*—તળાવો.

Hidden—હિડન *pp. pl*—ઢંકાયલાં; છુપાયલાં. સૂચના—To hide ટુ હાઇડ સંતાડવું; છુપાવવું. આ ક્રીયાપદ અનિયમિત છે. ભૂતકાળ Hid હીડ સતાડયું; ભૂતકૃદંત hidden—સંતાડેલી To be hidden—ઢંકાયલું હોવું (સહ્યભેદનું રૂપ)

All were hidden—ઑલવે'ર્ હીડન્—બધાં ઢંકાયલાં હતાં.

Darkness—ડાર્કનેસ્ *n*—અંધારૂં.

Bright—બ્રાઇટ્ *adj*—પ્રકાશીત.

Beautiful—બ્યુટીફુલ્ *adj*—સુંદર.

Is spreading—ઇઝ્ સ્પ્રે'ડીંગ્—પથરાય છે, ફેલાય છે. સૂચના—
To spread ટુ સ્પ્રે'ડ્—પાથરવું, ફેલાવું, અનિયમિત છે.
ભૂતકાળ spread; ભૂતકૃદંત spread.

The earth—ધ અર્થ્ *n*—જમીન, પૃથ્વી.

Over the earth—જમીન ઉપર.

Once more—વન્સ્ મો'ર્—એક વખત વધારે.

3 If There were no sun—જો સૂર્ય ન હોત તો. સૂચના—
આ વાક્યરચના યાદ રાખવી. જ્યારે સરત બતાવવી હોય ત્યારે
એકવચનનું નામ હોય તોપણ ક્રીયાપદ બહુવચનમાં મુકાય છે.

Always ઑાલવેય્ઝ્ *adj*—હમેશાં; દરરોજ.

Warm—વૉર્મ્ *adj*—ગરમ.

4 Early—અર્લી *adv*—વહેલાં.

Early in the morning—સવારમાં વહેલાં.

Before—બીફો'ર્ *adv*—પહેલાં.

The cock—ધ કૉક *n*—મુરઘો, કુકડો.

Began—બિગૅન્ *v. pt*—મંડયો. સૂચના—To Begin ટુ બિગીન્
શરૂ કરવું, માંડવું. અનિયમિત ક્રીયાપદ છે. ભૂતકાળ Began
ભૂતકૃદંત—Begun. [આ શબ્દ વપરાય છે.

To crow—ટુ ક્રો *v. int*—કુકડુ કુ કરવું (કુકડાના બોલવા માટે

The farmer—ધ ફા'મર્ *n*—ખેડુત.

Got up—ગૉટ્ અપ્ *v. pt*—ઉઠયો. સૂચના—To get up
ટુ ગેટ્ અપ્—ઉઠવું. અનિયમિત. Got up ભૂતકાળ; Got
up ભૂતકૃદંત. Bullock.—બુલૉક્ *n*—બળદ.

Shed-શૅડ *n*-છાપરૂ; ગોદ, બળદને બાંધવાની જગ્યા

Bullck-shed—બુલક શેડ *n*—બળદની ગોદ, બળદને બાંધવાની જગ્યા (છાપરૂં)

Took out—ટુક આઉટ *pt. v.*-બ્હાર કાઢવું. સૂચના-To take out; ટુ ટેઇક આઉટ-બ્હાર કાઢવું. ભૂતકાળ. Took out ભૂતકૃદંત. Taken out.

Carried—કૅરીડ *pt v.*—લઈ ગયો. દોરી ગયો. V. inf. To carry-ટુ કૅરી-લઇ જવું; ઉપાડીને લઇ જવું. સૂચના-ક્રીયા પદને છેડે y હોય અને તે પહેલાં વ્યંજન હોય તો ing, ed વગેરે પ્રત્યય લગાડતાં પહેલાં y નો i કરી નાખવો.

The plough-ધ પ્લાઉ *n*—હળ. [Ploughed-પ્લાઉડ.

To plough—ટુ પ્લાઉ *v. t*—ખેડવું. ભૂતકાળ તથા ભૂતકૃદંત

Picture—પિક્ચર્ *n*—ચિત્ર.

Ploughing—પ્લાઉઇંગ્ *pr. pt.*—ખેડતો.

5 Boatman—બો'ટ્મે'ન્ *n*-હોડીવાળો.

Ready—રૅડી-*adj*—તૈયાર.

To row—ટુ રો *v t.*—હલેસાં મારવાં; હલેસાં મારી લઇ જવું.

Across—એક્રૅાસ *prep*—માં થઇને.

Ready to row people across the river લોકોને નદીની વચ્ચે હલેસાં મારી લઇ જવાને તૈયાર. લોકોને નદીની પેલી પાર લઇ જવા તૈયાર. [Push ટુ પુશ્-ધક્કો મારવો.

Pushing—પુશીંગ્ *pr. pt*—ધક્કો મારતો. V. inf. To

Boat—બો'ટ્ *n*-હોડી.

6 Day is the time to work-દીવસ કામ કરવાનો વખત છે.

We ought to riso—આપણે ઉઠવું જોઇએ. સૂચના—To rise-રાઇઝ-ઉઠવું અને To rise-ઉગવું તે વચ્ચેનો ભેદ યાદ રાખવો. Hard હાર્ડ *adj*—સખત; સખતરીતે.

All day—ઑલ્ ડે *adv*—આખો દીવસ.

Sleep—સ્લીપ *v. int.*—ઉંઘવું. N. sleep-નિદ્રા, ઉંઘ.

Soundly—સાઉન્ડ્લી *adv*—સારી રીતે, શાંત રીતે, નિરાંતે.

Will sleep soundly at night—રાત્રે શાંત રીતે ઉંઘશે.

---

4 THE RAINBOW.

૪ (ધ રેઇન્બો') મેઘ ધનુષ્ય.

1 Sail on—સેઇલ્ ઑન્ *v.* int—પર ચાલવું, પર તરવું. સૂચના ભૂતકાળ તથા ભૂતકૃદંત Sailed સેઇલ્ડ થાય છે.

Ships—શિપ્સ્ *n. pl.*—વહાણો.

Seas—સીઝ્ *n. pl.*—દરીઆ, સમુદ્રો.

Clouds—ક્લાઉડ્ઝ્ *n. pl.*—વાદળાં.

Prettier—પ્રેટીયર *adj*—વધારે સુંદર. સુચના—વિશેષણને છેડે y હોય અને તે પહેલાં વ્યંજન હોય તો તેની સરખામણીનુ રૂપ કરતાં પહેલાં એટલે er પ્રત્યય લગાડતાં પહેલાં y નો i કરવો.

2 Bridges—બ્રીજીસ્ *n. pl.*—પૂલો, પૂલ.

Please—પ્લીઝ્ *v.* પસંદ આવવું.

As pretty as you please—તમને પસદ આવે તેટલા સુંદર. સૂચના-બરોબરીનું સરખામણીનુ રૂપ જેમ ગુજરાતીમાં જેટલુ-તેટલું મુકવાથી થાય છે તેમ અંગ્રેજીમાં as...as મુકવાથી થાય છે. બન્ને as ની વચ્ચે સરખામણીનું વિશેષણ આવે.

3 Bow—બો’ *n.* ધનુષ્ય.

Bridges—બ્રીજીસ્ *v.* પૂલ બાંધે છે; પૂલ બનાવે છે. V. inf. To bridge—પૂલ બાંધવો. સુચના–ક્રીયાપદ તરીકે અને નામ તરીકે આ શબ્દના રૂપ ધ્યાનમાં રાખવા.

Heaven—હેવન્ *n.*—સ્વર્ગ, આકાશ.

Above—એબવ્ *prep.* ઉપર.

Tallest—ટૉલેસ્ટ્ *ad*—સૌથી વધારે ઉંચુ.

Builds—બીલ્ડઝ્ *v.* બાંધે છે. સૂચના—ક્રીયાપદ To build—બાંધવું એ અનિયમિત છે. ભુતકાળ Built—અને ભુતકૃદંત પણ Built થાય છે. Road—રો’ડ્ *n.* રસ્તો.

---

5. THE SETTING SUN—EVENING.

૫ (ધ સે’ટીંગ્ સન્ ઈવ્નીંગ્) આથમતો સુર્ય–સાંજ.

1 To sink—ટુ સીંક્ *v. int*—ડુબવું, ઉતરવું. Is sinking—ઉતરે છે, ડુબે છે. સૂચના sink નુ ભુતકાળ sank—સૅન્ક્—ડુબ્યું અને ભૂતકૃદંત sunk સન્ક્ થાય છે.

Lower લોઅર્ *adj.*—વધારે નીચો. સૂચના—વિશેષણ Low લો’–નીચું. તેનું સરખામણીનું રૂપ.

Lower and lower નીચોને નીચો. (નીચો ઉતરે છે.

The sun is sinking lower and lower સૂર્ય નીચોને

West—વેસ્ટ્ *n.* પશ્ચિમ.

2 Looks—લુકસ્ *v.* દેખાય છે. સૂચના To look ના બે અર્થ થાય છે. એક દેખવું અને બીજો દેખાવું, જણાવું.

How red the sun looks—સૂર્ય કેવો રાતો દેખાય છે !
સૂચના–How થી શરૂ થતા વાકયોમાં વિશેષણ હમેશાં How ની સાથે મુકવું. દૃષ્ટાંત–How black, how many.
Day-time—ડે'ટાઇમ્—દીવસનો વખત.
It would make you blind to look at him—તેના સામા જોવાથી તમે આંધળા થશો. સુચના અંગ્રેજીમાં વાકયના અમુક ભાગને બદલે It શબ્દ વાપરવામાં આવે છે. આવું થાય છે ત્યારે It કર્તા તરીકે મુકાય છે, વાકયની શરૂઆતમાં મુકાય છે અને જે વાકયના ભાગ માટે વપરાયુ હોય તે ભાગ પાછળથી આવે છે. અહીં To look at him would make you blind કહી શકાય પણ To look at him ને બદલે It મુકીયે છીએ અને તે ભાગ પાછળથી મુકીએ છીએ.
Blind—બ્લાઇન્ડ *adj*—આંધળા.
But just before he sets-પણ તે આથમે છે તે પહેલાં તરતજ.
If you like—જો તમે ઇચ્છોતો, જો તમારી મરજી હોય તો.
To like—ટુ લાઇક *v.t.* ચાહવું, પસંદ કરવું.
3 Minutes—મીનીટ્સ *n, pl.*—મીનીટો.
Sight—સાઇટ *n.*—દૃષ્ટિ, નજર.
Will sink out of sight—દૃષ્ટિની પેલી પાર ઉતરશે, આથમી જશે, દેખતો બંધ થશે.
Soon—સૂન્ *adv.*—તરતજ.
Quite—ક્વાઇટ *adv*—તદ્દન. સૂચના—Quiet. ક્વાયેટ શાંત અને Quite ક્વાઇટ તદ્દન એ એના spelling તથા ઉચ્ચારના ભેદ ધ્યાનમાં રાખવા;
It will very soon get quite dark—તરતજ તદ્દન

અંધારૂં થશે, થોડા વખતમાં તદ્દન અંધારૂં થશે. (આ વાક્ય-રચના યાદ રાખવી).

The whole sky—ધ હોલ્ સ્કાય્—આખું આકાશ.

Will be covered with stars—તારાઓથી ઢંકાઇ જશે; તારાઓથી છવાઇ જશે.

To be covered with—ટુ બી કવર્ડ વીથ્-થી ઢંકાયલુંહોવું સૂચના—આ સત્રભેદનું રૂપ છે. ક્રીયાપદ To cover કવર્ ઢાંકવું-છે. ભૂતકાળ તથા ભૂતકૃદંત covered થાય છે. ભૂતકૃદંતની પહેલાં To be ના રૂપ લગાડવાથી સત્રભેદ થાય છે.

5 How many—હાઉ મેની—કેટલા.

So many—સો'મેની—એટલા બધા.

To count—ટુ કાઉન્ટ્ *vt.*—ગણવું.

I cannot count them—હું તેમને ગણી શકતો નથી.

6 The cattle-ધ કૅટલ્-*n.*-ઢોર.સૂચના--આ નામ એકવચનના રૂપમાં છે પણ હમેશાં બહુવચનના ભાવમાં વાપરી શકાય છે.

Have gone home-ગેર ગયાં છે. To go home=ઘેર જવું.

Will be asleep-વીલ્ બી એસ્લીપ્ *v.*-ઉંઘશે;ઉંઘીજશે. V. inf.. To be asleep—ઉંઘી જવું. Owl—આઉલ્ *n.*-ઘુવડ.

All but the owl—ઑલ્ બટ્ ધ આઉલ્—ઘુવડ શિવાય બધાં. સૂચના—આ વાક્યરચના યાદ રાખવી અને તે પ્રમાણે બોલતાં શીખવું. Flies—ફ્લાઇઝ્ *v.* ઉડે છે.

About—એબાઉટ્ *adv.*—આમ તેમ.

Flies about=આમ તેમ ઉડે છે. (પક્ષી.

The bird of night-ધ બર્ડ ઑફ્ નાઇટ્-રાતનું પક્ષી; નિશાચર

Is called—ઇઝ્ કૉલ્ડ્-કહેવાય છે (સહભેદ) To be called—
કહેવાવું. To call-કૉલ-કહેવું, બોલાવવું. ભૂતકાળ અને ભૂત
કૃદંત called. The bat-ધ બૅટ્-*n.*-ચામાચીડીયું.
Like—લાઇક્ *prep.*—ની પુઠે, ની પ્રમાણે,
7 Tired-ટાયર્ડ *pp. pt.*—થાકેલું. V. inf. To tire ટાયર-
થાકવું. Tired—ટાયર્ડ-થાક્યું, થાકેલું; To be tired—
થાકેલા હોવું. Are tired-થાકેલા હોય છે.
Need-નીડ્ *vt.*—જરૂર હોવી, જરૂર પડવી.
Rest—રેસ્ટ્ *n.* આરામ. Time to sleep-ઉંઘવાનો વખત.
8 To set-ટુ સૅટ્-આથમવું.
It will be cold—હવા ઠંડી થશે, તે ઠંડી થશે. સૂચના—આ
અને આના જેવા વાક્યો આ પ્રમાણે કરવાં.
World વર્લ્ડ *n.* દુનિયા.
Inside—ઇનસાઇડ્ *prep.*-અંદરની બાજુએ, અંદર.[ઘરમાં જઇએ.
Let us go inside our house—ચાલો આપણે આપણા.

---

6. THE FOX AND THE GRAPES.

૬ (ધ ફૉક્સ્ ઍન્ડ ધ ગ્રેઇપ્સ્) લોંકડી અને દ્રાક્ષ.

1 Fox—ફૉક્સ *n.*-લોંકડી સુચના—અંગ્રેજીમાં આ નામ નરજાતિનું
ગણાય છે તે ધ્યાનમાં રાખવું.
Grapes-ગ્રેઇપ્સ *n. pl.*—દ્રાક્ષ N. sing. Grape-દ્રાક્ષ.
Hanging up—હૅંગીંગ્ અપ *pr. pt*—લટકતી. સુચના—To
hang (up). આ ક્રીયાપદ અનિયમિત છે. Hang-લટકાવવું,

લટકવું Hanged or Hung લટકાવ્યું (ભૂતકાળ); Hung હંગ્-લટકાવેલું (ભૂતકૃદંત). Wall—વૉલ્ n-દીવાલ, ભીંત

Thought— *v. pt.* થૉટ્-વિચાર્યું, ધાર્યું. સૂચના-To think-ટુ થીંક્-વિચારવું. આ ક્રીયાપદ અનિયમિત છે, ભૂતકાળ અને ભૂત- કૃદંત Thought થાય છે.

Himself-હીમસેલ્ફ્ *pron.*-પોતાની જાત; તેની જાત.

He thought to himself-તેણે પોતાની જાતની સાથે વિચાર કર્યો; તેણે પોતાના મનમાં વિચાર કર્યો [હું તે બધી ખાઇ શકું

I could eat them all-હું તે બધી ખાઇશકું; હુંઇચ્છું છું કે

2 Wish વીશ્ *v. int.*—ઇચ્છુંછું V. inf. To wish-ઇચ્છવું, Wished; wished વીસ્ડ-ભૂતકાળ તથા ભૂતકૃદંત.

So high-સો હાય્ *adj.*-આટલે બધે ઉંચે.

Perhaps-પરહૅપ્સ *adv.*-કદાચ.

Jump-જમ્પ્ *v. int.*-કુદવું. ભૂતકાળ તથા ભૂતકૃદંત Jumped

If I jump—જો હું કુદું તો.

Reach-રીચ્ *vt*-પહોંચવું. ભૂતકાળ તથા ભૂતકૃદંત Reached.

I'll try=I will try-હું પ્રયત્ન કરીશ.

3 So-સો'=તેથી. Again—અગેઇન *adv.*-ફરીથી.

Again and again-ફરી ફરીને, વારંવાર (મોઢે કરવું).

Too high-So high that cannot be reached-પહોંચી શકાય નહીં તેટલું ઉંચું.

In vain—ઇનવેઇન *adv.*—નકામું, વ્યર્થ. [find નું ભૂતકાળ.

Found—ફાઉન્ડ્ *v. pt.*—માલૂમ પડયું; જણાયું. સૂચના-To

Power—પાવર્ *n.*—સત્તા, શક્તિ.

Was out of his power–તેની શક્તિની બહાર હતું. [Wanted.
Want–વૉન્ટ્ *vt.*=જોઇતું હોવું, જરૂર હોવી, ઇચ્છવું. ભૂતકાળ
I don't want them–મ્હારે તે નથી જોઇતી.
Sour–સાવર્ *adj.*–ખાટી.
The grapes are sour–દ્રાક્ષ ખાટી છે. સૂચના–કોઇ પણ વસ્તુ લેવાની આપણી ઇચ્છા હોય, આપણે તે લેવાને પ્રયત્ન કરીએ અને આપણાં શક્તિની બહાર હોવાથી ન મળે અને તે વસ્તુમાંથી મન પાછું ખેંચી લઇએ ત્યારે આ વાક્ય બોલાય છે. આ વાક્ય મોઢે કરવું.

---

7. WORK AND PLAY.

૭ (વર્ક ઍન્ડ પ્લે) કામ કરો અને રમો.

1 Abdulla–*n.* અબ્દુલ્લ (મુસલમાની નામ).
Narain–નારાયણ *n.* નારાયણ (હીંદી નામ).
Nearly—નીયર્લી *adv.*—લગભગ, આશરે.
Same સેઇમ્ *adj*—સરખી, તેવડી જ, તેજ.
Of Nearly the same age—લગભગ સરખી ઉમરના.
Age—એઇજ્ *n.* વય, ઉમર.
Lived–લીવડ્ *pt.*—રહેતો હતો સૂચના—To live નું ભૂતકાળ. ગુજરાતીમાં આપણે પૂર્ણભૂતકાળ ઘણી વખત વાપરીએ છીએ પણ અંગ્રેજીમાં તેવું નથી. પૂર્ણતાનો ભાવ ન આવતો હોય ત્યારે અંગ્રેજીમાં સાદો ભૂતકાળ વાપરવામાં આવે છે.
Village—વિલેજ્ *n.*—ગામડું.

Muhammadan—મહમ્મેડન્ *adj*—મુસલમાન, મુસલમાની.

Eight years old—આઠ વર્ષનો; આઠ વર્ષની વયનો. સૂચના—આ અને આના જેવાં વાક્યોની રચના યાદ રાખવી.

Lawyer—લૉયર્ *n*—વકીલ.

Clerk—ક્લાર્ક *n*—કારકુન, ક્લાર્ક.

Judge's જજીસ્ *n.* જડજની, જજની ન્યાયાધિશની. સૂચના—અંગ્રેજીમાં છઠી વિભક્તિના બે પ્રત્યય છે (૧) નામની પહેલાં of મુકવો અથવા નામની પછી એપોસ્ટ્રોફી ('s) એસ મુકવો.

Judge—જજ્ *n* ન્યાયાધિશ, જડજ.

Office—ઑફીસ્ *n*—ઑફીસ, કચેરી.

Judge's office—જજની ઑફીસ: ન્યાયાધિશની કચેરી.

2 Great—ગ્રેઇટ *adj*—મ્હોટા. Fine ફાઇન્ *adj*—સુંદર.

One fine morning—એક સુંદર સવારે. સૂચના—આ અને આના જેવી વાક્ય રચના બોલતાં શીખવી.

As—ઍઝ્ *adv*—જ્યારે.

As they were on the way to school—જ્યારે તેઓ [નિશાળે જતા હતા ત્યારે.

To stay—ટુ સ્ટે' *v. int*—થોભવું, રહેવું.

He wanted Adbulla to stay—તેણે ઇચ્છયું કે અબ્દુલ્લો રહે. તેણે અબદુલ્લાને રહેવા ઇચ્છયું.

To persuade—ટુ પરસ્વેઇડ્ *v. t.*—સમજાવવાને, સમજાવવુ.

To do so—તેમ કરવાને.

This is what the boys said-છોકરાઓએ જે કહ્યું તે આ છે.

3 What a fine day this is—આ કેવો સુંદર દિવસ છે ! (મોટે કરવુ).

Let us run off=ચાલો આપણે દોડી જઇએ, ચાલો આપણે [નાશી જઇએ.

To run off—ટુ રન્ ઑફ્ *v.* નાશી જવું.
Instead of—ઇનસ્ટેડ ઑફ્ *prep*—ને બદલે
Instead of going to school—નીશાળે જવાને બદલે.
4 Wrong—રૉંગ્ *adj.*—ખોટું, ખરાબ.
5 Strange—સ્ટ્રેઇન્જ્ *adj.*—વિચીત્ર.
What a—વૉટ્ એ-કેવો !
What a strange boy—કેવો વિચિત્ર છોકરો !
Well enough—વેલ્ ઇનફ—સારી રીતે; જોઇએ તેટલું; પુરતું.
Enough—ઇનફ્ *adj*-પૂરતું, જોઇએ તેટલું.
Ought to go to school—નિશાળે જવું જ જોઇએ.
As well as-ઍઝ્ વેલ્ ઍઝ્=જેટલી સારી રીતે...તેટલીજ સારી રીતે; તેમજ, જેટલું—તેટલું.
You know that as as well as I do=મારી પેઠે તમે પણ જાણો છો; હું જેટલુ સારી રીતે જાણું છું તેટલું જ સારી રીતે તમે જાણો છો.
7 Just yet-જસ્ટ્ યટ્-હજુ હમણાં જ.
Nothing but-નથીંગ્ બટ્-શિવાય કાંઇ
I don't like to do nothing but read all day—આખો દિવસ વાંચ્યા શિવાય બીજું કાંઇ નહીં કરવું તે મને પસંદ નથી.
8 Dunce-ડન્સ *n*-મુર્ખ, જડ.
What a dunce you are—તું કેવો મુર્ખ છે !
Three months ago-થ્રી મન્થસ્ ઍગો'-ત્રણ મહીના પહેલાં.
Last—લાસ્ટ્ *adj*-છેલ્લો. Class—ક્લાસ્ n. વર્ગ.

9 To care—ટુ કે'ર્ *v. int,*—દરકાર કરવી, પરવા રાખવી.
I don't care—હું દરકાર રાખતો નથી; હું પરવા રાખતો નથી
Hate—હેટ્ *vt.*—ધીક્કારવું. [(મોઢે કરવું).
What does it matter—વૉટ્ ડઝ્ ઇટ્ મેટર્—તેમાં શું થયું.
To grow up—ટુ ગ્રો' અપ્ *v. int.*—મ્હોટા થવું.
10 What kind of man—કેવો માણસ (કઇ જાતનો માણસ)
Kind—કાઇન્ડ *n.*—જાત. સૂચના—kind—*adj*,—માયાળુ. ભેદ યાદ રાખવો. [—ને હસી કાઢવું.
To laugh at—ટુ લાફ્ ઍટ્ *v. int.* તરફ હસવું, મશ્કરી કરવી,
11 As much as—ઍઝ્ મચ ઍઝ—જેટલું-તેટલું.
12 As for me—ઍઝ્ ફૉર્ મી—મારા માટે તો, હુંતો.(મોઢે કરવું)
Intend—ઇન્ટેન્ડ *v. int.*—ઇરાદો રાખવો.
Angry—ઍંગ્રી *adj.*—ગુસ્સે.
Will be angry with you—તારી સાથે ગુસ્સે થશે
Sorry—સૉરી *adj.* દીલગીર.
Will be sorry—દીલગીર થશે.
Everybody—એ'વ્રી બડી *pron,*—દરેક જણ.
Use—યુઝ *n.* ઉપયોગ.
To be of use to—ને ઉપયોગનું થવું, —ને ઉપયોગી થવું.
Will be of no use to anybody—કોઇને ઉપયોગના થઇ પડશે નહીં Anybody એનીબડી *pron.*—કોઇ.
Able—એબલ્ *adj.*—શક્તીમાન. To be able—શક્તિમાન થવું.
To earn—ટુ અર્ન *v.* કમાવાને, કમાવું.
Money—મની *n.*—પૈસો. Own—ઓ'ન્ *pron.* પોતાનું.

Fault-ફૉલ્ટ્ *n.* દોષ, ભુલ.

Lazy-લેઝી *adj.*-આળસુ.

Idle-આઇડલ્ *adj.* આળસુ.

To suffer for-ટુ સફર ફૉર્-ને માટે સહન કરવું To suffer-સહન કરવું.

Good deal of-ગૂડ્ ડીલ ઑફ્-ઘણોજ.

A good deal of time-ઘણોજ વખત.

In talking—ઇન્ ટોકીંગ્-વાત કરવામાં.

Late—લેઇટ્-મોડું.

13 Is over-ઇઝ્ ઓ'વર્-પૂરી થાય. Over—ઓ'વર—પૂરું.

To hope-ટુ હો'પ *v.*-આશા રાખવી.

14 Wind-વીન્ડ્ *n.* પવન; હવા.

15 To-gether- ટુગેધર્ *prep.* એકઠા, સાથે.

Got-ગૉટ્ *pt. v.*—પહોંચ્યા. સૂચના—To get નો અર્થ મેળવવું પણ થાય છે. અહીં To get એટલે પહોંચવું એવો અર્થ થાય છે.

In time-ઇનટાઇમ્-વખતસર, બરાબર વખતે.

Both—બો'થ્ *pron.*—બન્ને.

Bench-બેન્ચ્ *n.*—પાટલી.

Close to-ક્લોઝ્ ટુ-*prep.*—ની તદ્દન નજીક, પાસે.

Has read-હૅઝ્ રૅડ—વાંચ્યું છે (પૂર્ણવર્તમાનકાળ) સૂચના—To read-વાંચવું, ભૂતકાળ Read-રેડ-વાંચ્યું; ભૂતકૃદંત Read-રેડ-વાંચેલું.

8 THE FOOLISH MOUSE.

૮ (ધ ફૂલીશ માઉસ) મૂર્ખ ઉંદર.

1 Oh !—ઓહ ! Intj-આહા ! Mouse-માઉસ n—ઉંદર.
Went for a walk—વેન્ટ ફૉર્ એ વૉક્—ફરવા ગયો;
To go for a walk—ટુગો' ફૉર્ એ વૉક્—ફરવા જવું.
Where વ્હે'ર્ *adv*—જ્યાં. સૂચના—Where શબ્દથી પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે તેનો અર્થ "ક્યાં ?" થાય છે. નહી તો "જ્યાં" અર્થ કરવો.

2 Nice—નાઇસ *adj*—સુંદર. New—ન્યુ *adj*—નવું.
Wood—વુડ્ n.—લાકડું.
In front—ઇન્ ફ્રન્ટ. *prep*—આગળ.
Door—ડો'ર્ *n.*—બારણું.
Floor—ફ્લોર્ *n.* જમીન. (પાટીયાંની જડેલી જમીન માટે floor શબ્દ વપરાય છે. સાધારણ જમીન માટે Ground શબ્દ વપરાય છે).

3 Do, please—ડુ પ્લીઝ્—ચાલોજ, મહેરબાની કરી ચાલો.
Really—રીયલી *adv*—ખરેખર.
Cheese—ચીઝ્ *n.*-પનીર, મઠો.

4 Darling—ડાર્લિંગ્ *n.*-વ્હાલા. We'd—we would.
We would better stay in here—It would be better for us to stay in here—અહીંયા અંદર રહેવું તે આપણા માટે સારૂં છે. Seems સીમ્સ્ *v.* દેખાય છે.
But—બટ્—ફક્ત, માત્ર. સૂચના—But શબ્દના ત્રણ અર્થ તમારા

જાણુવામાં આવ્યા છે (૧) But= પણ (૨) But=શિવાય, વગર. (૩) But=માત્ર, ફક્ત.

Trap—ટ્રૅપ્ *n.*-પાંજરૂં, જાળી.

5 To fret—ટુ ફ્રે'ટ્ *v. int*—ચડભડવું, બડબડવું.

Still—સ્ટીલ્—શાંત. Out of way—રસ્તાની બ્હાર, દૂર.

6 Bed-time—બેડ્ ટાઇમ્ *n.*—સુવાનો વખત.

Lay down—લે'ડાઉન્ *pt.* સુતી. સૂચના— To lie— સુવું. તેના ભૂતકાળ અને ભૂતકૃદંત અનિયમિત રીતે થાય છે ભૂતકાળ Lay, ભૂતકૃદંત Lain.

Nest—નેસ્ટ્ *n.*—માળો. Nap—નૅપ્ *n.*—ઉંઘ.

Was Caught—વૉઝ્ કૉટ્—પકડાયું (સહભેદ) સૂચના—To catch—પકડવું. caught કૉટ્ પકડયું, Caught—કૉટ્ પકડેલું. To be caught—પકડાવું,

---

9 THE MOON.

૯ (ધ મૂન્) ચંદ્ર.

1 Light—લાઇટ્ *n.*—અજવાળું, પ્રકાશ.

In the day time—ઇન ધ ડે' ટાઇમ—દીવસે, દીવસના વખતે.

Like—લાઇક્ *prep.* જેવા, નાજેવા, સૂચના To like-ચાહવું અને Like—જેવું. પેઠે,એ બે શબ્દો વચ્ચે ભેદ યાદ રાખવો.

Lamps—લૅમ્પસ્ *n. pl.* દીવા, બત્તીઓ, લેમ્પો.

Hung—*pp. pt.* લટકાવેલું, લટકાવેલા. *v. int.* To hang લટકાવવું. Because—બીકૉઝ્ *conj.*—કારણ કે.

2 Of its own—આઽ્ ઇટસ્ ઓ'ન્—તેનું પોતાનું.
Shines—શાઇન્સ્ v. પ્રકાશે છે. સૂચના—To shine-પ્રકાશવું એ અનિયમિત ક્રીયાપદ છે. ભુતકાળ Shone ભુતકૃદંત Shone
Looking-glass—લુકીંગ્ ગ્લાસ્ *n.*—તખતો, અરીસો.
Mirror—મિરર્ *n.*—તખતો, દર્પણ, આરસી,
Throws—થ્રો'ઝ્ *v.*—ફેંકે છે. સૂચના—To throw—ફેંકવું. અનિયમિત ક્રીયાપદ. ભૂતકાળ Threw—થ્રુ–ફેંક્યું. ભુતકૃદંત Thrown—થ્રો'ન્'—ફેંકેલું.
Reflects--રિફ્લેક્ટસ્ v. *t*--પ્રતિબીંબ નાખે છે, પડછાયો નાંખે છે, પાછું ફેંકે છે. 3 Round—રાઉન્ડ્ *adj.*--ગોળ.
It is then called-—ત્યારે તે કહેવાય છે.
Full—ફુલ *adj.*—પૂર્ણ.
Full moon--ફુલમૂન્ *n.* પૂર્ણીમાનો ચંદ્ર, પૂર્ણ ચંદ્ર.
Grows—ગ્રો'ઝ્ v. થાય છે. સૂચના—To grow—ટુ ગ્રો', થવું ઉગવું. અનિયમિત છે. ભુતકાળ Grew ગ્રુ. ભૂતકૃદંત Grown ગ્રો'ન્. [ન્હાનું એ વિશેષણ ઉપરથી.
Smaller—સ્મૅાલર્ *adj.*—વધારે નાનું.સૂચના—Small—સ્મૅાલ્
Smaller and smaller—વધારેને વધારે ન્હાનું.
At last—ઍટ્ લાસ્ટ્—આખરે, છેવટે.
Weeks—વીક્સ્ *n. pl.* અઠવાડીયાં.
It takes two weeks—ને બે અઠવાડીયાં લાગે છે. સૂચના—આ વાક્ય રચના ધ્યાનમાં રાખી તેવાં બીજા વાક્યો કરવા.
Fourteen—ફો'રટીન *adj.*—ચૌદ.
Fortnight—ફૅાર્ટનાઇટ્ *n.*—પખવાડીયું.

It takes two weeks or fourteen days or a fortnight to do this—આમ થવાને બે અઠવાડીમાં, અથવા ચૌદ દીવસ, અથવા એક પખવાડીયું લાગે છે.

4 Looking—લુકીંગ્ *pr. pt.*—લાગતો; દેખાતો.

New moon—ન્યુ મૂન્ *n.*—બીજનો ચંદ્ર.

Gets—ગૅટસ્ v.—થાય છે. (મોટું.

Larger—લાર્જર્ *adj.*—વધારે મોટો. Large—લાર્જ *adj*

Larger and larger—વધારે ને વધારે મોટો.

It gets larger and larger—તે વધારે ને વધારે મોટો થાયછે.

5 Way—વે'—*n.* રીત. સુચના—Way—રસ્તો. Way—રીત તે ધ્યાનમાં રાખવું. In this way—આ રીતે.

Twenty-eight—ટવેન્ટી એઇટ્—અઠ્ઠાવીશ.

6 Shape—શેઇપ્ *n*—આકૃતિ, રૂપ.

So far away—આટલે બધે દૂર.

Thousands—થાઉઝન્ડઝ—હજારો. from Thousand—હજાર

Miles—માઇલ્સ્ *n. pl.* માઇલો, કોસ, ગાઉ.

Thousands of miles—હજારો માઇલ.

Between—બીટ્વીન *prep.*—વચ્ચે.

10 THE DOG AND THE SHADOW.

૧૦ (ધ ડૅાગ્ ઍન્ડ ધ શૅડો') કુતરો અને પડછાયો.

1 Shadow—શૅડો' *n.*—પડછાયો. [ભૂતકાળનું રૂપ).

Had found—હૅડ ફાઉન્ડ *v.*—મેળવ્યું હતું; મળી આવ્યું હતું (પુર્ણ

Piece— પીસ્ n.-કકડો. Meat-મીટ્ n.-માંઉસ.

Was taking it home—ઘેર લઈ જતો હતો, સુચના—ચાલુ ભુતકાળનું રૂપ વર્તમાન કૃદંતની પુર્વે To be નું ભૂતકાળનું રૂપ લગાડવાથી ચાલુ ભૂતકાળનું રૂપ થાય છે. To take home–ઘેર લઇ જવું.

Crossed–ક્રૉસ્ડ *pt. v.* ઓળંગતો હતો. V. inf. To cross–[ઓળંગવું.

Plank–પ્લૅન્ક n.—પાટીયું; લાકડાનું પાટીયું.

Brook–બ્રુક n.-ઝરો, વ્હેળો.

Led–લેડ *pt.* દોરી જતો હતો, લઇ જતો હતો. સુચના—To lead—ટુ લીડ-દોરી લઇ જવું, તેના ભુતકાળ તથા ભૂતકૃદંતનાં રૂપ Led થાય છે.

Which led over a brook—જે એક ઝરા (નદી) ઉપર થઇને લઇ જતું હતું; ઝરા ઉપર આવેલું.[(અકસ્માત) બનવું.

Chanced–ચાન્સ્ડ *pt.*-અકસ્માત બન્યું V. inf. To chance

He chanced to look–તેણે અકસ્માત (અચાનક) જોયું.

2 Below–બીલો' *prep.*—નીચે, હેઠળ.

Will do for me–મારે ચાલશે; મારે જોઇએ તેટલું છે; મારે માટે બરાબર છે. સુચના—Do ક્રીયાપદનો "ચાલવું" અર્થ થાય છે તે ધ્યાનમાં રાખવું. This will do–આ ચાલશે.

3 Snapped—સ્નૅપ્ડ *pt. v.*–ઝડપમારી; ઝડપ્યું V. inf. To snap at–ઝડપ મારવી.

Opend–ઓ'પન્ડ *pt. v.*– ઉઘાડયું V. inf To open–ઉઘાડયું

Jaw—જૉ n.—જડબું, મ્હોં.

Supper—સપર n.,-ખાણું, ખાવાનું.

Sinking—સીંકીંગ *pr. pt.* ડુબતું.

To get it out—તે બ્હાર કાઢવાને. સૂચના—To get out-બ્હાર કાઢવું. Get શબ્દના જુદા જુદા અર્થ ધ્યાનમાં રાખવા.

To steal-ટુ સ્ટીલ્, *vt.*-ચોરવાને (ચોરવું) સૂચના—અનિયમિત ક્રીયાપદ છે steal, stole, stolen, સ્ટીલ્, સ્ટો'લ્, સ્ટો'લન્.

Belongs—બીલૅંગ્ઝ્ *v.*-કબજે છે, ની માલીકીનું છે;નું છે. સૂચના—To belong to-નું હોવું, ની માલીકીનું હોવું. This book belongs to me=આ ચોપડી મારી છે, આવાં વાક્યો બનાવતાં શીખવાં.

If you do=If you steal-જો તમે ચોરશો તો.

Lose-લુઝ્ *vt.*-ખોવું. સુચના—અનિયમિત ક્રીયાપદ છે. Lost-લૉસ્ટ્-ભૂતકાળ, ભૂતકૃદંત પણ Lost થાય છે.

---

11. THE LAZY PEON.

૧૧. (ધ લેઝી પ્યુન્) આળસુ પટાવાળો.

Busy-બીઝી *adj.*-ઉદ્યમી; કામવાળો.

Had been very busy—ઘણો કામમાં હતો.

At home—ઍટ્ હો'મ્—ઘર આગળ

Papers પેપર્સ n. *pl.*-કાગળો.

Peon—પ્યુન n.—પટાવાળો, સીપાઇ.

Called out—કૉલ્ડ્ આઉટ્ pt. *v.*—બુમપાડી, બોલાવ્યો, ધાંટો પાડયો. V. inf. To call out-બોલાવવું, બુમપાડવી.

At two o'clock—ઍટ્ ટુ ઑક્લોક—બે વાગે. સુચના—આવાં વાક્યો કરતાં શીખવું. [—જવાબ આપવો.

Replied-રીપ્લાઇડ pt.-જવાબ આપ્યો. V. inf To reply

Salaam—સલામ્ n.—સલામ.

Making a salaam—સલામ ભરીને, સૂચના— To make a salaam—સલામ ભરવી. તેનું વર્તમાન કૃદંતનું રૂપ.

. Master—માસ્ટર *n.* શેઠ; ધણી.

At once—ઍટ્ વન્સ્ *adv.*—એકદમ

Go at once—એકદમ જા.

Is waiting—ઇઝ્ વેઇટીંગ pr. pt.—રાહ જુએ છે; વાટ જુએ છે; સૂચના—*v. inf.* To wait—રાહ જોવી. ભૂતકાળ તથા ભુતકૃદંત Waited થાય છે.

2 I am off—આઇ ઍમ્ ઑફ—હું ચાલ્યો. To be off—જવું.

Walked off—વૉકડ ઑફ—pt. *v*,-ચાલતો થયો; ચાલી નીકળ્યો. *v.inf.* To walk off ચાલી નીકળવું; ચાલતા થવું.

3 Away—અવે' *adv.*—દૂર

Two miles away from the house—ઘરથી બે માઇલ દૂર

Fast—ફાસ્ટ adv.—ઉતાવળે; ઝડપથી.

As long as—ઍઝ્ લૉંગ ઍઝ્—જ્યાં સુધી—ત્યાં સુધી.

, Within sight of the house—ઘર દેખાતું હતું ત્યાં સુધી; ઘર દષ્ટિમાં હતું ત્યાં સુધી.

As long as he was within sight of the house જ્યાં સુધી તેને ઘર દેખાતું હતું ત્યાં સુધી.

Slowly—સ્લો'લી adv.—ધીમે ધીમે Slow adj. ધીમું.

Much more slowly—ઘણું વધારે ધીમે [(મોઢે કરવું).

Now and then નાઉ ઍન્ડ ધેન—વચમાં વચમાં, થોડી થોડી વારે

. Stopped—સ્ટોપ્ડ--pt.v. અટકતો, થોભતો. સુચના—To

stop અટકવું, થોભવું. એ ક્રીયાપદનું ભૂતકાળનું રૂપ છે. ભૂત-
ક્રૃદંતનું રૂપ પણ તેજ છે.

4 Sha'dy—શેડી *adj.*—છાંયા વાળી. Shade શેઇડ *n.* છાંયો.

Bushes—બુશીઝ્ *n. pl.* ઝાડીઓ, વેલાનું ઝુંડ.

Road—રોડ *n.* રસ્તો.

By the side of the road—રસ્તાની બાજુએ.

Heavy—હેવી *adj.*—ભારે; તોલદાર.

5 Under—અંડર્ *prep.*—નીચે, તળે.

Short sleep—શૉર્ટ સ્લીપ-થોડી ઉંઘ; જરા નિદ્રા

To go on—ટુ ગો'ઑન્—આગળ ચાલવું.

6 Stretched himself out—સ્ટ્રેચ્ડ હીમસેલ્ફ્ આઉટ્—લાંબો
થઇ સૂતો. સૂચના—To stretch oneself out—લાંબા
થઇ સુવું તેનો ભૂતકાળ To stretch—પાથરવું, પ્રસરવું.

Pillow—પીલો' *n.*-ઓશીકું.

Sound asleep—સાઉન્ડ એસ્લીપ-નિરાંતે ઉંઘતો.

To be sound asleep—પૂર્ણ ઉંઘમાં પડવું; નિરાંતે ઉંઘવું.

Passed—પાસ્ડ *pt v.*—ચાલ્યા ગયા; પસાર થયા. *v. inf.* To
pass. પસાર થવું, ચાલ્યા જવું. Crow ક્રો' n.—કાગડો.

Flew down—ફ્લ્યુ ડાઉન્-નીચે ઉડયો. સૂચના-To fly down
—નીચે ઉડવું, એ અનિયમિત ક્રીયાપદ છે, ભુતકાળ flew,
ભૂતકૃદંત Flown.

Perched—પર્ચ્ડ *pt.*-બેઠો. સૂચના-To perch.—પર્ચ-બેસવું.
(કાગડાનું અથવા પક્ષીનું ડાળીપર અગર બીજી જગ્યાએ બેસ-

વાની ક્રિયા માટે આ શબ્દ વપરાય છે). [ચાંચ ભીડવવી.
Pecked-pt-ચાંચ મારી, ચાંચ ભીડવી. V.inf. To peck—
Cawed—કૅાડ—pt.—બોલ્યો; કા કા કર્યું. સુચના—અંગ્રેજીમાં દરેક પ્રાણી તથા પક્ષીની વાચા માટે જુદા જુદા શબ્દો છે. કાગડા માટે To caw શબ્દ વાપરવામાં આવે છે.
Caw—કૅા—કા કા. (અહીં નામ તરીકે વાપરવામાં આવ્યું છે.)
Woke—વો'ક pt.—જગાડયો. સુચના—To wake વેઇક—જગાડવું; ઉઠાડવું તે ક્રીયાપદ અનિયમિત છે. ભૂતકાળ Woke થાય અને ભુતકૃદંત Waken થાય છે.
Jumped up—જમ્પ્ડ અપ pt.—બેઠો થયો; કુદી ઉભો થયો.
Yawned—યૅાન્ડ બગાસું ખાધું. v. inf. To yawn—બગાસું ખાવું Went off—વેન્ટ ઑફ pt.—ગયો.
7. Was now past five o'clock—હવે પાંચ વાગી ગયા હતા.
Orders—ઑર્ડર્સ n. pl.—હુકમો,
To copy—ટુ કૅાપી v. નકલ કરવી.
To send off—ટુ સેન્ડ ઑફ v.—મોકલી દેવા.
Distant—ડીસ્ટન્ટ adj—દૂર. Post—પો'સ્ટ n.—ટપાલ.
Left—લૅફ્ટ pt—નીકળી ગઇ. સુચના—To leave; નીકળવું; છોડી દેવું. એ ક્રીયાપદ અનિયમિત છે. ભૂતકાળ Left અને ભૂતકૃદંત પણ તેજ થાય છે.
It was too late—ઘણું મોડું થયું હતું.
Lost—લૅાસ્ટ pt. ખોઇ. V. *inf.* To lose—ખોવું.
Case—કેઇસ n.-કેસ, વકીલાત.

12. CLEVER JACK.

૧૨ (ક્લેવર જૅક) હુશીયાર જેક્.

1 Clever—ક્લેવર્—adj.—હોંશિયાર.
Jack—જૅક્ n. જેક (અંગ્રેજી નામ.)
Was ten years old—દશ વર્ષનો હતો.
To tease—ટુ ટીઝ્ v. t. ચીડવવાને. ચીડવવું.
He thought it very fine to tease his little sister Nan—પોતાની નાની બેન નેનને ચીડવવું તે સારૂં ધારતો હતો.
Whose—હુઝ્ pron—જેનું, જેની. સૂચના–પ્રશ્ન હોય ત્યારે તેનો અર્થ " કોનો, કોની " થાય છે.
2 Cakes—કેઇક્સ n. pl.–ભાખરીઓ. [arrive—આવી પહોંચવું
Had just arrived—હમણાંજ આવી હતી. V. *inf.* To
So—સો'—તેથી. [હોંશિયાર જેક લઇ જાય છે.
Clever Jack—he takes—Clever Jack takes—
To tease—ટુ ટીઝ્ v.—બુમ પાડે છે.
Look—લુક્ v. જો. (આજ્ઞાર્થકાળ).
Lovely—લવ્લી adj.—સુંદર, પસંદ પડે તેવી.
3 I see but two—I see only two—હું માત્ર બેજ જોઉં છું.
That's—That is—તે છે, તેમ છે. [આપવું.
Prove—પ્રુવ v.t.—દેખાડવું; સાબીત કરી આપવું; પુરવાર કરી
4 Number—નંબર્ n—નંગ, નંબર
Here is number one—આ નંબર (નંગ) પહેલો છે
Surely—સ્યુઅર્લી adv.—ખરેખર.

Very well—વેરવૅલ—ઘણી રીતે.

Added—ઍડેડ—pp. pt. સરવાળો કરવામાં આવે, ઉમેરવામાં આવે

V *inf*. To add—ઍડ ઉમેરવું; સરવાળો કરવો.

When added—જ્યારે ઉમેરવામાં આવે ત્યારે.

5 Poor little Nan—ગરીબ બીચારી ન્હાની નેન.

Began—બીગૅન pt. શરૂ કર્યું, મંડી V. *inf*. beginશરૂ કરવું

Heard—હર્ડ pt. સાંભળ્યું V. *inf* To hear. હીયર્ સાંભળવું

Came up—કેઈમ્ અપ pt—આવી પહોચ્યો; આવ્યો. V. *inf*.
To come up. આવી પહોંચવું.

To ask—ટુઆસ્ક v. t.—પૂછવાને, પૂછવું.

Reason રીઝન *n*.-કારણ. Why—વ્હાય્-શા માટે.

To ask the reason why—શા માટે તે રડે છે તે પૂછવાને,
તેના રડવાનું કારણ પૂછવાને.

6 Laughed—લાફ્ડ vt—હસ્યો.

Loud—લાઉડ adv.—જોરથી.

Very loud—ઘણા જોરથી, મોટેથી.

Dad—ડાડ n. બાપ, પિતા. (કુલામણો-વ્હાલનો શબ્દ).

What it was all about—તે બધુ શા માટે હતું, તે બધું
શું હતું (મોઢે કરવું).

Well done—વેલડન્-શાબાશ ! સારૂં કર્યું (મોઢે કરવુ).

No doubt—નો ડાઉટ્-અલબત્ત, બેશક, કાંઇ પણ શકા વગર
(મોઢે કરવું). Doubt—ડાઉટ્ *n*. શંકા.

To feast—ટુ ફીસ્ટ્ *v*.int.—પેટ ભરીને ખાવું, ખુબ ખાવું, ખાવું.

Shall feast on number three=ત્રીજો નંગ ખાશે.

13 TREES.

૧૩ (ટ્રીઝ) ઝાડવાં.

1 We have walked a long way–આપણે ઘણું ચાલ્યા છીએ

Feel—ફીલ vt.—જણાવું, લાગવું, ભૂતકાળ તથા ભૂતકૃદંત Felt થાય છે. [ઘણો થાક લાગ્યો છે.

I feel very tired—હું ઘણો થાકી ગયેલો જણાઉં છું, મને

How hot it is–કેટલો બધો તાપ છે; હવા કેટલી બધી ગરમ છે!

Any more--એની મો'ર્--હવે વધારે; હવે વધારે વખત.

I cannot walk any more—હવે હું વધારે વખત ચાલી શકું તેમ નથી.

Let us sit down—ચાલો આપણે બેશી જઇએ.

Let us rest—ચાલો આપણે આરામ લઇએ.V. inf To rese —આરામ લેલો.

2 Sun-light—સન્ લાઇટ્. *n.*—સૂર્યનું અજવાળું.

Thick—થીક્ *adj.*—જાડું ઘાડું.

Leaves—લીવ્ઝ્ n. pl.—પાંદડાં N. sing. Leaf—પાંદડું.

Shut it out—શટ્ ઇટ્ આઉટ–તેને રોકી રાખે છે. સૂચના—
To shut out—રોકી રાખવું; બ્હાર રાખવું. Shut—
ક્રીયાપદના સાદું, ભૂતકાળ તથા ભૂતકૃદનનાંરૂપ ત્રણે સરખા છે.

Parched—પાર્ચ્ડ્ pt.—સુકાઇ ગયેલાં, સુકાયેલાં.

Rice—રાઇસ્ n—ચોખા.

Parched rice—સુકાવેલા ચોખા, પવા, મમરા

Pocket—પૉકેટ્ n.—ગજવું.

Here is some for you—અહીંયા તમારે માટે થોડા છે.

3—Hundred હન્ડ્રેડ્ *adj.*–સો.

I think it must be a hundred years old–હું ધારૂં છું કે તે સો વર્ષનું (જુનું) હોવું જોઇએ.

The trunk ધ ટ્રન્ક *n*–થડ. [Branch–ડાળી.

Branches—બ્રાન્ચીઝ્ *n dt.* ડાળીઓ, શાખાઓ *n.* sing

To spread out ટુસ્પ્રેડ્ આઉટ્–ફેલાવું. પ્રસરવું. પથરાવું.

Sides સાઇડઝ્ *n pl.*–બાજુઓ. On all sides–બધી બાજુએ,

How far the branches spread out on all sides–બધી બાજુએ ડાળીઓ કેટલે દૂર ફેલાઇ છે.

Cover કવર્ *v.* ઢાંકે છે. To Cover–ઢાંકવું..

Roof રૂફ *n.*–છાપરૂં.

Are held up–આર હેલ્ડ અપ–પકડી રખાયાં છે; અધર રાખવામાં આવ્યાં છે; અધર રહ્યાં છે. (સહાભેદ) To hold up–અધર રાખવું; ઉંચે પકડી રાખવું.

Middle મિડલ્ *adj.*–અધવચ.

In the middle—વચમાં, મધ્યમાં. [(મોઢે કરવું).

4—In a little while–ઇન્ એ લીટલ્ વ્હાઇલ્–થોડા વખતમાં

Will get વીલ્ગેટ્—થશે.

Yellow યલો' *adj.*—પીળું.

Brown બ્રાઉન્ *adj*—ભુરૂં, બદામી; રાતું ભુરૂં.

Dry ડ્રાય *adj.*—સુકું, To dry–સુકવવું; સુકાવું. [તે પછી.

After they die આફ્ટર્ ધે ડાય્–તેઓ મરી જાય (સુકાઇ જાય)

Fresh ફ્રેશ *adj.*—તાજું; નવું

Places પ્લેઇસીઝ્ *n. pl.* જગ્યાઓ.

In their places—તેમની જગ્યાએ.
5 Food—ફુડ *n.*—ખોરાક.
In any way ઇન્ એની વે'-કોઇપણ રીતે.
6 Parts પાર્ટ્સ *n. pl*—ભાગ.
Deep ડીપ્ *adj.*—ઉંડું.
Roots રૂટસ્ *n pl.*—મૂળ; મૂળીયાં.
Growing—ગ્રોઇંગ્ *pr pt*—ઉગતાં,
Just as—જસ્ટ ઍઝ્ *adv.*—જેવી રીતે—તેવી રીતે. [ચુસી લેવું.
7- Suck up—સક્ અપ્ *v.*-ચુસી લેછે. V.inf. To suck up-
Earth—અર્થ *n.*—જમીન.
Strong—સ્ટ્રૉંગ્ *adj*—મજબુત.
8 Ropes—રો'પ્સ્ *a pl*—દોરડાં.
Firm—ફર્મ *adj*—મજબુત.
Hold firm—મજબુત પકડી રાખે છે.
Keep—કીપ્ *vt.*—રાખે છે; સંભાળે છે, સૂચના—To keep-રાખવું; સંભાળવું અનિયમિત છે. ભૂતકાળ kept-ભૂતકૃદંત kept થાય છે. [ઉખેડાઇ જતાં; પવનથી ઊડી જતાં.
From being blown down by the wind—પવનથી
Being blown down—બીઇંગ્ બ્લો'ન્ ડાઉન—ઉખેડાઇ જતાં; ફુડી જતાં (સહ્યભેદ) To be blown down—ઉખેડાઇ જવું ઉડી જવું, સૂચના- To blow down—ટુબ્લો' ડાઉન્-ઉખેડી નાખવું. ઉડાડી નાખવું, Blow. blew—બ્લ્યુ; Blewn ;બ્લો'ન: સાદું, ભૂતકાળનું, ભૂતકૃદંતના રૂપ.
Wind—વીન્ડ *a.*—પવન

14 THE LION AND THE MOUSE.

૧૪ ધ લાયન્ ઍન્ડ ધ માઉસ્—સીંહ અને ઉંદર.

PART 1

1 Being out—બીઇંગ્ આઉટ્ *pr. pt.*—બ્હાર નીકળવાથી V. inf To be out-બહાર નીકળવું.

One day—વનડે'-એક દીવસે.

For a run—ફૅારૂએ રન્-દોડવા માટે,સૂચના—અહીં Run નામ તરીકે વપરાયું છે તે ધ્યાનમાં રાખવું.

Saw—સૅા *pt.*—જોયુ V.inf To see જોવું.

Lying asleep—લાઇંગ્ એસ્લીપ-ઉંઘતો, સુતેલો; ઉંઘતો પડેલો.

In the sun—સૂર્યના તાપમાં; સૂર્યના અજવાળામાં.

Back બૅક્ *n.*—પીઠ, વાંસો. સૂચના—Back—પાછું અને Back પીઠ એ શબ્દો વચ્ચે ભેદ યાદ રાખવો.

Hid હિડ્ *pt*—સંતાયો સૂચના—To hide હાઇડ્-સંતાડવું, ભૂતકાળ Hid-ભૂતકૃદંત; Hidden-સંતાડેલું.

Mane મેઇન્ *n.*—કેશવાળી; (સીંહની ગર્દન ઉપરના વાળ.)

To her surprise ટુ હર્ સર્પ્રાઇઝ્-તેના અચંબા સાથે, તેના આશ્ચર્ય સાથે.

Surprise સર્પ્રાઇઝ્ *n.*-અચંબો; આશ્ચર્ય.

Opened એાૅપન્ડ્ *pt.*—ઉઘાડી.

Next નેક્સ્ટ્—*adj*—બીજી.

Jaws જૅાઝ્ *n. pt.*—જડબાં, મ્હોં.

Fast ફાસ્ટ—મજબુત, ખસી શકે નહીં તેવી રીતે

To hold her fast—તેને મજબુત પકડવાને.

Paws પૉઝ્ *n. pl.* પંજા. *n.* sing. Paw—પંજો.

2 Fright-ફ્રાઇટ્ *n.*—બીક.

Nearly—નિઅર્લી *adj*—લગભગ.

Of fright nearly died=Died nearly of fright—
બીકથી અડધો મુવો થઇ ગયો.

All shaking— ઑલ્ શેઇકીંગ્ *pr. pt*—તદ્દન ધ્રુજતો. સૂચના
To Shakeશેઇક્-ધ્રુજવું,હલાવવું.ShookભૂતકાળShaken
ભૂતકૃદંત.

Quaking ક્વેઇકીંગ્ *pr. pt.*—થરથરતો, ધ્રુજતો.V. inf. To
quake—ધ્રુજવું; થરથરવું. [tremble થરથરવું; ધ્રુજવું.

Trembling ટ્રેમ્બ્લીંગ્ *pr. pt.*—ધ્રુજતો, હાલતો.V.inf. To

Pardon પાર્ડન્ *v.* માફ કરો (આજ્ઞાર્થકાળ) V.inf. Topar-
don—માફ કરવું.

O King ! ઑ કીંગ્-અરે રાજા !

Please—પ્લીઝ્ *v*—મ્હેરબાની કરો. (માફ કરો.

O please forgive—ઑ પ્લીઝ્ ફરગીવ-અરે મ્હેરબાની કરી

Forgive—ફરગીવ્ *vt*—માફ કરવું. [-બચાવવું.

Spare—સ્પેર્ *v*—બચાવો (આજ્ઞાર્થકાળ) V.inf.To spare

Life-લાઇફ્ *n*—જીંદગી.

O spare my life-અરે મારી જીંદગી બચાવો.

O let me live-અરે મને જીવવા દો.

Wanted-વૉન્ટેડ્ *pt.*-ઇચ્છ્યું. V.inf. To want-ઇચ્છવું.

Play—પ્લે' *n.*—રમત. સૂચના—To play—રમવું (verb)
Play *n.* રમત.—વચ્ચે. ભેદ યાદ રાખવો.
To have some play—થોડું રમવાને.
3 So small—સો' સ્મૉલ્-આટલું ન્હાનું.
Lifted લીફ્ટેડ *pt*—ઉચો કર્યો. V. inf. To lift—ઉચું કરવું.
Stayed સ્ટેઇડ *pt.*—ઉચો કર્યો. V. inf. To stay—રહેવું.
Hole હો'લ *n,*—દર.
For the rest of the day-બાકીનો દીવસ. (મોઢે કરવા લાયક)

PART II.

4 It chanced that—એવું બન્યું કે. (મોઢે કરવા લાયક)
Hunting—હન્ટીંગ્ *pr.pt*—શિકાર કરતો V. *inf.* To hunt શિકાર કરવો.
Prey—પ્રે *n.*—શિકાર.
Was caught—વૉઝ કૉટ *pt,* પકડાવું. (સહાભેદ) સૂચના—To catch— પકડવું-ભૂતકાળ. caught;—ભૂતકૃદંત caught To be caught—પકડાવું (સહાભેદનું રૂપ).
Net—નેટ *n.*—જાળી.
Found—ફાઉન્ડ *pt.*—માલૂમ પડયું.
When he found that the net he could not break= When he found that he could not break the net=જ્યારે તેને જણાયું કે તે જાળી તોડી શકે તેમ નથી ત્યારે— [ગર્જના કરવી.
Roared—રો'ર્ડ *pt*—ગજર્યો, ગર્જના કરી V. *inf.* To roar—

Forest—ફૉરેસ્ટ્ *n.*—જંગલ.
To make shake-ધ્રુજાવવું. Made shake ધ્રુજાવ્યું.V. *inf*
To shake—ધ્રુજવું, ધ્રુજાવવું.
Hunters—હન્ટર્સ *n. pl.*—શિકારીઓ.
Tied—ટાઇડ્ *pt*—બાંધ્યો. V. inf. To tie બાંધવું.
As fast could be—ઍઝ ફાસ્ટ કુડ બી—બની શકે તેટલું મજબુત.
Next day—બીજે દીવસે.
Beast—બીસ્ટ્ *n*—જનાવર, પશુ; પ્રાણી.
To bring—ટુબ્રીંગ્—લાવવાને, (લાવવું] [કરી લાવવું.
To bring captive—ટુબ્રીંગ કેપ્ટીવ-બંદીવાન કરી લાવવું; કેદ
Captive કેપ્ટીવ્ *n.* બંદીવાન, કેદી.
Lord લૉર્ડ *n.*—રાજા, માલેક, શેઠ, ધણી. (રાજા પાસે.
To their lord the king=તેમના માલેક રાજા પાસે, તેમના
5. Sound—સાઉન્ડ્ *n*—અવાજ.
Creeping—ક્રીપીંગ્ *pr.pt.*—લપાતું; લપાઇને આવતું V. inf.
To creep—ક્રીપ—લપાવું, લપાઇને આવવું.
Like something creeping—કાંઇ લપાતું આવતા જેવો.
Tiny—ટાઇની adj—ન્હાનું.
Face—ફેઇસ *n*—ચ્હેરો, મ્હોં.
Peeping—પીપીંગ્ *pr pt.*—છાનું માનું જોતું; ડોકીયાં કરતું.
V. inf. To peep=છાનુંમાનું જોવું; ડોકીયાં કરવાં.
Weak—વીક *adj*—ઝીણી; (નબળી)સુચના—Week-અઠવાડીયું.
અને Weak નબળું વચ્ચે ભેદ રાખવો.

Squeak—સ્કવીક *a*—ચીસ, ઝીણો અવાજ
Was heard to say—કહેતો સંભળાયો.
The other day—બીજે દીવસે, તે દીવસે (મોઢે કરવું.)
You will see what I can do—હું શું કરી શકું છું તે તમે જોશો. [gnaw=દાંત ભીડાવવા, કોતરવું.
Gnawed—નૉડ *pt*—દાંત ભીડાવ્યા, કોતર્યું V.inf. To
Right—through—રાઇટ્ થ્રુ—બરાબર સીધું, આરપાર.
Useful—યુઝફુલ *adj*. ઉપયોગી [ઉપયોગી થઇ શકે છે.
How useful little friends can be—ન્હાના મિત્રો કેવા

---

15 OUR SERVANTS.

૧૫ અવર્ સર્વન્ટસ=આપણા નોકરો.

1 Named નેમ્ડ *p. pt*—નામે. V. inf To name—નામ પાડવું, કહેવું. [સોનાના કડાં પહેરતો.
Used to wear gold bangles—યુઝડ ટુવેર ગૉલ્ડ બૅંગલ્સ
To wear—ટુવૅર્ *v. t.*—પહેરવું.
Gold—ગોલ્ડ *adj*—સોનાના. સૂચના—Gold *n.*—સોનું. Golden સોનાનું, વિશેષણ. કેટલીકવાર Gold શબ્દ પણ વિશેષણરૂપે વપરાય છે.
Bangles—બૅંગલ્સ *n-pl.* બંગડીઓ; કડાં.
Cooked—કુક્ડ *pt*—રાંધતો V. *inf.* To cook—રાંધવું.
As—ઍઝ્—જેથી-તેથી; કારણ કે.
2 When the school was over—જ્યારે નિશાળ પૂરી થઇ ત્યારે.

They were just going home-તેઓ ઘેર જતા હતા ત્યારે.
Wish—વિશ *v t.*-ઇચ્છવું.
Like me—લાઇક મી—મારી પેઠે.
Servants—સર્વન્ટસ્ *n pl.*—નોકરો, ચાકરો [રાહ જોવી.
To wait on—ટુ વેઇટ્ ઑન્ *v. t.* તહેનાતમાં રહેવું To wait-
Whatever—વૅટેવર્ *pro.* જેજે-તેતે.
Whatever I tell—જે જે હું કહું છું તે.
3 Nothing—નથીંગ્-કાંઈ નહીં; નજીવું [કરવા લાયક).
That is nothing—તે કાંઈ નથી (તે નજીવી બાબત છે) (મોટે
Obey—ઓ'બે *v t.* તાબે થવું; માનવું.
Orders—ઑાર્ડર્સ *n. pl.* હુકમો, આજ્ઞાઓ.
4 Lie—લાઈ *n*—જુઠાણું. To tell a lie જુઠું બોલવું.
What a lie you are telling-તું કેવું જુઠું બોલે છે ?
Truthful—ટ્રુથફુલ *adj*—સત્યવાદી
Not even one servant—એક પણ નોકર નહીં.
Was standing—વૉઝ્ સ્ટૅન્ડીંગ્-ઉભો હતો. સૂચના To stand
ઉભવું; ઉભા રહેવું. ભૂતકાળ. Stood સ્ટુડ. ભૂતકૃદંત પણ તેજ છે.
Near—નીયર્ *adv.*--પાસે.
Kindly-કાઇન્ડ્લી *adv.*—માયાળુપણે; ભલાઇથી
How is this—આ કેમ છે ? આ કેવી રીતે છે ?
A large sum of money—પૈસાની મ્હોટી રકમ.
Richer—રીચર્ *adj*—વધારે પૈસાદાર Rich *adj.* પૈસાદાર
Are you only boasting આર્ યુ ઓ'નલી બો'સ્ટીંગ-શું
તું માત્ર બડાઇ મારે છે ?

To boast—ટુ બો'સ્ટ્ v. બડાઇ મારવી.

Fun—ફન્ n—મશ્કરી, ગમ્મત In fun—ગમ્મતમાં; મશ્કરીમાં.

6 Smiled— સ્માઇલ્ડ pt હસ્યો; સ્મીત કર્યું. V. *inf* To smile=હસવું.

Truth—ટ્રુથ્ n. સત્ય. To tell the truth—સત્ય કહેવું.

Now and then-વારંવાર, કોઇ કોઇ વાર.

Disobey—ડીસ્ઓબે' e. t. ન માનવું; તાબે નહીં થવું.

They may leave him—તેઓ તેને છોડી દે.

They may be idle—તેઓ આળસુ થાય.

Properly—પ્રોપર્લી *adv.* બરાબર રીતે, જોઇએ તે રીતે,

Like that—તેના જેવા.

Always-ઑાલ્વેઇઝ્ *adv.* હમેશાં,

Ready—રેડી *adj*—તૈયાર.

7 This is all very fine talk—આ બધી ઘણી સારી વાત [છે, આ બધું ઠીક છે.

Talk—ટૉક n,-વાત. To talk—વાત કરવી.

Names—નેઇમ્સ્ *n.pl*—નામ.

9 Want—વૉન્ટ્ v ઇચ્છવું.

Anywhere—એનીવ્હેર્ *adv.*—ક્યાંઇ.

If I want to go anywhere—હું ક્યાંઇ જવાને ઇચ્છું તો.

To build–ટુ બીલ્ડ્-*vt.*=બાંધવું. ભૂતકાળ તથા ભૂતકૃદંત Built [થાય છે.

To finish–ટુ ફિનીશ્-*vt* =પુરૂં કરવું.

I must finish=મારે પુરૂં કરવું જોઇએ.

Rain રેઇન્ *n.*-વર્ષાદ.

All day long=આખો દીવસ. Flew away=ઉડી ગયો.

5 Bees બી *n.* pl.–મધમાખીઓ.

Flying about from flower to flower=એક ફુલેથી (બીજે ફુલે ઉડતી.

6 Wo are gathering વી આર્ ગૅધરીંગ્=અમે એકઠું કરીએ છીએ.
To gather ટુગૅધર્ vt.—ભેગું કરવું; એકઠું કરવું.
Honey હની *n.*=મધ. Soon સૂન *a*dv.-થોડા વખતમાં.
Will be dead વીલ્બીડેડ-(મરી જશે) ચીમડાઇ જશે; સુકાઇજશે.
Store up-સ્ટોર્ અપ્ v. t.–સંગ્રહ કરવો; એકઠું કરવું.
While-વ્હાઇલ્-જ્યાં સુધી—ત્યાં સુધી; જ્યારે-ત્યારે. [હોવું.
Busy બીઝી adj—કામવાળું, ઉદ્યમી; To be busy-કામમાં
We are too busy even to talk=We are so busy that we cannot even talk=અમે એટલા બધા કામમાં છીએ કે અમે વાત કરી શકીએ તેમ પણ નથી.
7 Ants એન્ટસ્ *n. pl.*—કીડીઓ. Grain—ગ્રેઇન્ *n.*=દાણો
Rice રાઇસ્ *n.*—ચોખા.
Afterwards આફ્ટર્ વર્ડ્ઝ—પછીથી.
8 proper પ્રોપર્ adj.- યોગ્ય. Season સીઝન્ *n.*=ઋતુ.
No grain=કાંઇ પણ અનાજ નહીં.
Except–એક્સેપ્ટ prep.—શિવાય.
As hard as he could—તેનાથી બની શકયું તેટલી ઉતાવળથી.

૧ પરમેશ્વર.

૧. પરમેશ્વરે મને બનાવ્યો (છે). તે મને ચાહે છે. તે મને ઘણી સારી ચીજો આપે છે. તે મને શ્વાસ લેવાને હવા અને ખાવાને ખોરાક આપે છે. તે મને પ્હેરવાને લૂગડાં, રહેવાને ઘર અને વ્હાલા મિત્રો આપે છે.

૨. પરમેશ્વરે મને સાંભળવાને કાન, જોવાને આંખ, સુંઘવાને નાક, અને સ્વાદ લઇ શકું અને બોલી શકું તેટલા માટે મ્હોં આપ્યાં (છે). તેણે મને પારખી શકવાને તથા કામ કરવાને, હાથ, તથા ચલાવા માટે પગ આપ્યા(છે) તેણે મને હું વિચારીશકું અને ખોટામાંથી સાચું ઓળખી શકું તેટલા માટે મન–બુદ્ધિ આપી છે.

૩. પરમેશ્વરે સૂર્ય, ચંદ્ર, અને તારા બનાવ્યા તેણે જમીન ઉપર ચાલે છે તે બધા પશુઓ, અને હવામાં ઉડતાં બધાં પક્ષિઓ બનાવ્યાં. પાણીમાં રહે છે તે બધી માછલીઓ અને સઘળા કીડાઓ અને જંતુઓ તેણે બનાવ્યાં. તેણે બધું બનાવ્યું–સરજ્યું

૪. આપણે પરમેશ્વરને જોઇ શકતા નથી, પણ તે આપણને જુવે છે. જે સઘળું આપણે કરીએ છીએ તે તે જાણે છે તે આપણી સંભાળ લે છે. તેણે જે બધું બનાવ્યું છે તે તરફ તે માયાળુ છે. આપણે તેને ખુશી રાખવાને પ્રયત્ન કરવો જોઇએ. આપણે જુઠું બોલવું અથવા ચોરવું જોઇએ નહીં, તેમજ જે બીજું કાંઇ તે ધીક્કારે છે તે કરવું જોઇએ નહીં.

૫. ઇશ્વર મ્હારા તરફ કેવો ભલો છે! મ્હારે તેને ચાહવો જોઇએ અને તેના વખાણ કરવા જોઇએ. બધા પાપથી મને દૂર રાખવાને હું તેની પ્રાર્થના કરીશ ત્યારે હું સુખી અને સારો થઇશ.

૨. પરમેશ્વરે બધી ચીજો બનાવી.

૧. જે દરેક ફુલ ઉઘડે છે તેના સુંદર રંગ પરમેશ્વરે બનાવ્યા. જે દરેક પક્ષી ગાય છે તેની નાની પાંખો ઇશ્વરે બનાવી.

૨–૩ ટેકરી, ઉંચો પર્વત, પાસે વહેતી નદી, સાંજ, આકાશને પ્રકાશીત કરતી સવાર; ઠંડી અને ધીમી પવનની લ્હેરો, ચંદ્ર, તારાઓ, સૂર્ય, વાડીમાં (બાગમાંના) પાકેલાં ફળ; તે દરેકે દરેક ચીજ પરમેશ્વરે બનાવી.

---

૩ ઉગતો સૂર્ય.

૧. સૂર્ય આકાશમાં હમણાજ ઉગ્યો છે. ત્યાં તે ઉંચોને ઉંચો ચડે છે. સવાર પડી છે. આખી રાત સૂર્ય દૂર બીજા દેશોમાં તાપ અને તેજ આપી રહ્યો છે. હવે તે આપણને અજવાળુ આપેછે.

૨. અંધારી રાત્રીમાં આપણે કાંઇ પણ સ્પષ્ટ રીતે જોઇ શકયા નહીં. ખેતરો અને ટેકરીઓ, નદીઓ અને તળાવો, ઝાડો અને ઘરો, સઘળું અંધારાથી ઢંકાયલું હતું. હવે સુંદર સૂર્યનું પ્રકાશીત અજવાળું પૃથ્વી ઉપર પ્રસરે છે. એક વખત વધારે આપણે દરેક ચીજ ચોખ્ખી રીતે જોઇ શકીએ છીએ.

૩. પ્રકાશીત સૂર્ય દીવસ કરે છે. આકાશમાં સૂર્ય ન હોત તો હમેશાં અંધારૂં ઘોર રહેત. સૂર્ય વળી આપણને ગરમ બનાવેછે. જો સૂર્ય ન હોતતો એટલી બધી ઠંડી પડત કે આપણામાંના કોઇ જીવી શકત નહીં.

૪. સવારમાં વહેલાં, સૂર્ય ઉગ્યો તે પહેલાં કુકડો બોલવા લાગ્યો. ત્યારે ખેડુત ઉઠયો, તે બળદની ગોદમાં ગયો અને બળદ બ્હાર લાવ્યો. તે હળ ખેતરે લઇ ગયો અને ખેડવા લાગ્યો જુઓ, તે ચીત્રમાં છે. તેની પાછળ સૂર્ય સાથે તેને તમે ખેડતો જોઇશકશો.

૫. હોડીવાળો પણ ઉઠયો, અને લોકોને નદીની પેલી પાર લઇ જવા તૈયાર થઇ નદીએ ગયો. તમે તેને ચીત્રમાં પાણીમાં પોતાની હોડી હંકારતો જુવો છો.

૬. દીવસ કામ કરવાનો વખત છે. જ્યારે સૂર્ય ઉગે છે ત્યારે આપણે પણ ઉઠવું જોઇએ. જે આખો દીવસ સખ્ત કામ કરે છે તે રાત્રે નિરાંતે સુશે (સુવે છે.)

૪. મેઘ ધનુષ્ય,

૧. હોડીઓ નદીઓમાં તરે છે, અને વ્હાણો દરીઆ ઉપર તરેછે; પણ આકાશમાં જે બાદળાઓ ફરે છે તે આના કરતાં ઘણાજ સુંદર છે.

૨. નદીઓ ઉપર તમને પસંદ આવે તેવા પુલો હોય છે; પણ જે ધનુષ્ય ઉંચા ઝાડોની ઉપર આકાશમાં પૂલ બનાવે છે અને દૂનીયાથી આકાશ સુધી રસ્તો બાંધે છે તે આના કરતાં ઘણુંજ વધારે સુંદર છે.

૫ આથમતો સૂર્ય—સાંજ

૧. સૂર્ય પશ્ચિમમાં નીચે ને નીચે ઉતરે છે, અને આકાશ રાતું છે સાંજ પડી છે.

૨. સૂર્ય કેવો રાતો દેખાય છે. દીવસના વખતે સૂર્ય એટલો બધો પ્રકાશીત હોય છે કે તેના સામા જોવાથી તમે આંધળા થાઓ છો. પણ તે આથમે છે તે પહેલાં થોડા વખત ઉપર તે એ-ટલો બધો ચળકતો નથી. જો તમારી ઇચ્છા હોય તો હવે તેના તરફ જુવો. [થશેઃ રાત્રી પડશે.

૩. પાંચ મીનીટમાં સૂર્ય આથમશે. પછીથી તરતજ તદ્દન અંધારૂ

૪. હવે આપણે ચંદ્ર અને કેટલાક તારા જોઇ શકીએ છીએ જ્યારે સૂર્ય આથમશે ત્યારે વધારે તારાઓ બ્હાર આવશે. ત્યારે આખું આકાશ તારાઓથી છવાઈ (ઢંકાઇ) જશે.

૫. આકાશમાં કેટલા તારા છે? હું જાણુતો નથી, તેઓ એટલા બધા છે કે હું તેમને ગણી શકતો નથી.

૬. બધાં ઢોર ગયાં છે. ઘુવડ કે જે આખો દીવસ સુતું છે તે સિવાય બધાં પક્ષીઓ ઉંધી જશે. રાત્રે ઘુવડ આમ તેમ ઉડેછે. તે રાતનું પક્ષી કહેવાય છે. ચામચીડીયું પણ ઘુવડની પેઠે આખો દીવસ ઉંઘેછે, અને રાત્રે આમ તેમ ઉડે છે

૭. રાત્રે આપણે પણ ઉંઘશું. આખો દીવસ આપણે કામ કરીએ છીએ. રાત્રે અજવાળું હોતુ નથી. આપણે કામ કરવાને જોઇ શકતા નથી; અને આપણે ઘણા થાકેલા હોઇએ છીએ, અને આરામની જરૂર હોય છે. રાત્રી સુવાનો વખત છે.

૮. જ્યારે સૂર્ય આથમશે ત્યારે હવા ઠંડી થશે. સૂર્ય દુનિયાને ગરમ બનાવે છે. ચાલો આપણે આપણા ઘરની અંદર જઇએ. ત્યાં એટલી બધી ઠંડી નથી.

---

૬. લોંકડી અને દ્રાક્ષ.

૧. એક લોંકડીએ એક દીવાલ ઉપર કેટલીક દ્રાક્ષ જોઇ તેણે પોતાના મનમાં વિચાર કર્યો "હું તે બધી ખાઇ જાઉં."

૨. હું ઇચ્છુંછું કે તે આટલે બધે ઉંચે લટકતી ન હોત પણ કદાચ હું કુદું તો, હું તેમને પહોંચી શકીશ; હું પ્રયત્ન કરીશ!"

૩. તેથી તે વારંવાર ફરી ફરીને કુદી; પણ દ્રાક્ષ ઘણીજ ઉંચી હતી અને તે નકામી કુદી.

૪. જ્યારે તેને માલમ પડયું કે તેમને પહોંચવું તેની શક્તિની બ્હાર છે ત્યારે તેણે કહ્યું, "મ્હારે તે નથી જાતી. દ્રાક્ષ ખાટીછે?"

૭. કામ કરો અને રમો.

૧. અબ્દુલ્લો અને નારાયણ લગભગ સરખી ઉમ્મરના બે છોકરાઓ હતા. અને તેઓ એકજ ગામડામાં રહેતા હતા. અબ્દુલ્લો મુસલમાન હતો, અને તે આઠ વર્ષનો હતો. તેનો બાપ વકીલ હતો. નારાયણ હીંદુ હતો, અને તે નવ વરસનો હતો. તેનો બાપ જડજની ઓફીસમાં કારકુન હતો.

૨. બન્ને છોકરાઓ મ્હોટા ભાઇબધો હતા. તેઓ બન્ને એકજ નિશાળે જતા હતા, એક સુંદર સવારે, જ્યારે તેઓ નિશાળે જતા હતા ત્યારે નારાયણે તે દીવસે કામ નહી કરવાનું અને રમવાનું ધાર્યું. તેણે અબદુલ્લાને પણ રહેવાને અને રમવાને ઇચ્છયું; અને તેમ કરવાને તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો. છોકરાઓએ જે કહ્યું તે આ છે.

૩. નારાયણ—ચાલ, અબદુલ્લા, તું જુવે છે કે આ કેવો સુંદર દીવસ છે. ચાલો આપણે ખેતરોમાં દોડી જઇએ અને નિશાળે જવાને બદલે રમીએ.

૪. અબદુલ્લા—ના, નારાયણ, તે ઘણું ખોટું કહેવાય.

૫. નારાયણ—તું કેવો વિચીત્ર છોકરો છે; તું રમવું ચાહતો નથી?

૬, અબદુલ્લા—હું રમવાનું સારી રીતે ચાહું છુ, પણ હમણા નહીં, આપણે નિશાળે જવું જોઇએ અને ભણવું જોઇએ. મારી પેઠેજ તું તે જાણે છે.

૭. નારાયણ—પણ આપણે હજુ હમણાંજ જવું જોઇએ નહીં, ચાલો આપણે એક બે કલાક આમ તેમ રમીએ અને પછી તારી ઇચ્છા હોય તો જઇશું. મને આખો દિવસ વાંચવું પસંદ નથી.

૮. અબદુલ્લા—મને ખબર છે કે તને પસંદ નથી. પણ જો તું કેવો મુર્ખો છે. ન્હાનો રામ, જે માત્ર ત્રણ મહીના પહેલાંજ નિશાળે આવ્યો છે, તે તારા કરતાં વધારે જાણે છે. તું વર્ગમાં છેલ્લો છોકરો છે.

૯. નારાયણ—હું મુર્ખો છું કે નહીં તેની હું દરકાર કરતો નથી. હું જાણવાને ઇચ્છતો નથી. હું ચોપડીઓ ધીક્કારૂં છું. તેમાં શું થયું ? થોડા વર્ષમાં હું મ્હોટો થઇશ અને માણસ થઇશ.

૧૦. અબદુલ્લા–હા, પણ તું કેવી જાતનો માણસ થઇશ ? તું વાંચી પણ શકે નહાં તેવો મૂર્ખો થઇશ. તારા સામું બધા કેવા હસશે.

૧૧. નારાયણ—તેમને હસવા દો. હું તેની શું પરવા રાખું છું ! મને પસંદ આવે તેટલું હું રમવા જાઉં છું.

૧૨. અબદુલ્લા—બહુ સારૂ ત્યારે, જા અને તારી ઇચ્છા હોયતો મૂર્ખો થા. હું તો મારી ચોપડીઓમાં ઘણી મહેનત કરવા ધારૂં છું. હું મ્હારા બાપ અને મા અને મ્હારા બધા મિત્રોને રાજી રાખવા ઇચ્છુંછું. બાપડો નારાયણ ! કોઇ પણ તને ચાહશે નહીં. તારો બાપ તારી સાથે ગુસ્સે થશે જ્યારે દરેક જણને તારા તરફ હસતાં જોશે ત્યારે તારી મા ઘણી દીલગીર થશે. તું સુખી થઇશ નહીં. કોઇને કાંઇ ઉપયોગી થઇશ નહીં તું કાંઇ પૈસો કમાઇ શકીશ નહીં. તું તારી જાતને મદદ કરી શકીશ નહી. કોઇ પણ માણસ તને મદદ કરશે નહી, કારણ કે દરેક જણ કહેશે " તેનો પોતાનો વાંક છે. તે એક આળસુ, સુસ્ત છોકરો હતો, અને ભણતો નહીં; હવે તેણે તે માટે ભોગવવું જોઇએ " મેં વાત કરવામાં ઘણો વખત ખોયો છે, હવે મારે દોડવું પડશે, અગર હું નિશાળમાં મોડો થઇશ,

૧૩. નારાયણ—બહુ સારૂં, અબદુલ્લા, હું તહારી સાથે નિશાળે આ-

વીશ. પણ જ્યારે નિશાળ પુરી થશે ત્યારે, હું આશા રાખું છુ કે તું રમીશ.

૧૪. અબદુલ્લા—હા. હું મ્હારો પતંગ લાવીશ અને જો સારો, પવન હશે તો આપણે તે ઉડાડશું અને નહીં જો હોય તો તું ત્હારો દડો લાવજે અને આપણે તે વડે રમશું.

૧૫. બન્ને છોકરાઓ પછી સાથે નિશાળે દોડી ગયા અને બરાબર વખતસર ત્યાં પહોંચ્યા. જુઓ, તેઓ; બન્ને તેમની પથ્થર પાટીમાં લખતા 'એકજ મેજ આગળ બેઠા છે. નારાયણ તેની પથ્થર પાટીમાં દાખલો ગણે છે અને અબદુલ્લા તેની તદ્દન પાસે પાટલીપર પડેલી ચોપડીમાંથી જે શબ્દો તેણે હમણાજ વાંચ્યા છે તેમાંના કેટલાક લખી લે છે'

---

૮. મૂર્ખ ઉંદર.

૧–૩ એક ઉંદરના બચ્ચાએ કહ્યું " અરે મા ! જ્યારે હું આજે ફરવા ગયો ત્યારે તું અને હું રહી શકીએ તેવડું એક મેં સુંદર ન્હાનું ઘર જોયું. સુંદર નવા લાકડાની ભીંતો બનાવેલી હતી. આગળ એક બારણું હતું; અને જમીન ઉપર ઉંચે તદ્દન અં-દર કાંઇક સારી ચીજ હતી." તે મુર્ખ બચ્ચાએ કહ્યું " અરે મા. ચાલો આપણે જઇએ. મહેરબાની કરી ચાલોજ." હુ ખરેખર ધારૂં છું કે તે ઘરની અંદર થોડું પનીર લટકાવેલું છે."

૪. તેની માએ કહ્યું, " મ્હારા વ્હાલા, આપણે અહીં રહીયે તે સારૂં છે; મને બીક લાગે છે કે જે તને સુંદર ઘર લાગે છે તે માત્ર પાંજરૂં છે."

૫, તે ઉંદરનું બચ્ચું બડબડવા લાગ્યું, અને આખો દિવસ તદ્દન

શાંત બેસી રહ્યું. તેણે પોતાની જાતને કહ્યું "જ્યારે મા બહાર જશે ત્યારે હું હજુ ત્યાં જઇશ."

૬. જ્યારે સુવાનો વખત થયો ત્યારે, ઉંદરની મા ઊંઘવા માટે પોતાના દરમાં સુઇ ગઇ; તે ન્હાનું બચ્ચું તે સુંદર નવા ઘર આગળ ગયું. તે અંદર ગયું અને પાંજરામાં પકડાયું

---

૯. ચંદ્ર

૧. સૂર્ય દિવસના વખતે આપણને અજવાળું આપે છે, અને ચંદ્ર અને તારાઓ, રાત્રે આપણને અજવાળું આપે છે, ચંદ્ર અને તારાઓ આકાશમાં લટકાવેલા દીવાઓ જેવાં છે, આપણે તેમને દીવસે જોઇ શકતા નથી કારણ કે સૂર્ય પ્રકાશીત હોયછે.

૨. ચંદ્રને તેનું પોતાનું અજવાળુ. નથી, પણ પોતાનું બધું અજવાળું સૂર્યમાંથી મેળવે છે. જો સુર્ય એક તખતા કે આરસી ઉપર પ્રકાશે છે તો તે આરસી અજવાળું પાછું ફેંકે છે. તેવીજ રીતે ચંદ્ર આકાશમાં, મ્હોટા તખતા જેવો છે, તે સૂર્યના અજવાળાના પ્રતિબીંબ નાખે છે અથવા પાછું ફેંકે છે.

૩. કેટલીક વખત આપણે ચંદ્રને તદ્દન ગોળ અને ઘણો પ્રકાશીત જોઇએ છીએ. ત્યારે તે પૂર્ણચંદ્ર (પુર્ણીમાંનો ચંદ્ર) કહેવાય છે. પછી જ્યાં સુધી આખરે તે દેખાતો બંધ થાય છે ત્યાં સુધી નહાનો ને નહાનો થાય છે. આમ થવાને તેને બે અડવાડીયા અથવા ચૌદ દીવસ અગર એક પખવાડીયું લાગે છે.

૪. એક વખત ફરીથી આપણે તેને ઘણોજ ન્હાનો જોઇએ છીએ. ત્યારે તે બીજનો ચંદ્ર કહેવાય છે. તે મ્હોટો અને મ્હોટો

થાય છે અને એક પખવાડીયામાં તે ફરીથી પૂર્ણ થાયછે (જ્યાં સુધી પખવાડીયામાં તે ફરીથી પૂર્ણ થાય છે ત્યાં સુધી તે મ્હોટો ને મ્હોટો થાય છે.)

૫. આ રીતે અઠ્ઠાવિશ દિવસે અથવા ચાર અઠવાડીયે આપણને એક વખત બીજનો ચંદ્ર મળે છે.

૬. આકૃતિમાં ચંદ્ર દડા જેવો છે. તે ઘણો મોટો છે પણ તે એટલો બધો દૂર છે તેથી ન્હાનો દેખાય છે. આપણી અને ચંદ્રની વચ્ચે હજારો માઇલ આવેલા છે.

---

૧૦. કુતરો અને તેનો પડછાયો.

૧. એક કુતરો જેને માંસનો એક કકડો જડયો હતો તે તે ખાવા માટે પોતાના ઘેર લઇ જતો હતો. જ્યારે તે એક ઝરા ઉપર આવેલો એક પૂલ (પાટીયું) ઓળંગતો હતો ત્યારે તેણે અચાનક પાણીમાં જોયું.

૨. તેણે નીચે પાણીમાં તેનો પોતાનો પડછાયો જોયો. તેણે જાણ્યું નહીં કે તે પોતાની જાતનેજ જોતો હતો. તેણે વિચાર્યું કે "તે એક બીજો કુતરો છે. તેના મ્હોંમાનુ માંસ મને પુરતું છે!"

૩. તેથી જે માંસ તે ધારતો હતો કે તેણે જોયું તે તરફ તેણે ઝડપ મારી, પણ જ્યારે તેણે આમ કર્યું ત્યારે તેણે પોતાનું મ્હોં ઉઘાડયું. તેના મ્હોંમાંથી તેનું ખાણું જતું રહ્યું ! અને તેણે તે નીચે પાણીમાં ડુબતું જોયું. તે બ્હાર કાઢવાને તેણે નકામો પ્રયત્ન કર્યો; તેણે તે માંસ ફરીથી કદી જોયુંજ નહીં.

૪. બીજાનું હોય તે ચોરવાનો કદી પ્રયત્ન કરતા નહીં. જો તમે કરશો તો, મારા ભાઇ, તમારી પાસે હશે તે તમો ખોશો.

૧૧. આળસુ પટાવાળો.

૧. એક વકીલ ઘર આગળ સવારે ઘણુાજ કામમાં હતો. તે કેટલાક કાગળો લખતો હતો. તેણે બે વાગે બુમ પાડી "પટાવાળા, અહીં આવ." અહમદ પટાવાળાએ સલામ ભરી જવાબ આપ્યો "આ રહ્યો સાહેબ". તેના શેઠે કહ્યું "આ પેટી ઑફીસે લઇ જા, એકદમ જા, અને જરાએ વખત ગુમાવતો ના, કારકુન રાહ જુવે છે."

૨. પટાવાળાએ કહ્યું "હું આ ચાલ્યો, સાહેબ" અને જ્યારે તેણે પેટી લીધી ત્યારે બીજી નીચી સલામ ભરી અને ચાલી નીકળ્યો.

૩. ઑફીસ ઘરથી બે માઇલ દૂર હતી અને તે દીવસે ગરમી ઘણી હતી. જ્યા સુધી ઘર દેખાતું હતું ત્યાં સુધી પટાવાળો ઘણો ઉતાવળો ચાલ્યો, પછી તે ઘણો ધીમો ચાલવા લાગ્યો અને રસ્તામાં મિત્રને મળતો ત્યારે તેની સાથે વાત કરવા વારંવાર ઉભો રહેતો હતો.

૪. આખરે તે રસ્તાની બાજુ ઉપર એક છાંયાવાળી (ઘાડી) ઝાડી પાસે આવ્યો. તેણે પોતાની જાતને કહ્યું 'હુ ધારૂ છું કે મારે અહીંયા થોડો આરામ લેવો જોઇએ. આ એક ઘણી ભારે પેટી છે અને હું થાકી ગયો છું."

૫. તેથી ઝાડીના છાંયામાં તે બેઠો. તેણે વિચાર કર્યો કે "અહીંયા હવા ઘણી સુંદર અને ઠંડી છે. મારે શા માટે થોડું ઉઘવું જોઇએ નહીં અને પછી જવું જોઇએ નહીં? દશ મીનીટ પુરતી થશે."

૬. તેથી તે લાંબો થયો, ઓશીકાં તરીકે પોતાના હાથ ઉપર પોતાનું માથું મૂકયું, અને તરતજ ઘાઢ નિદ્રામાં પડયો. દશમીનીટ,

વીસમીનીટ, એકકલાક બે કલાક ચાલ્યા ગયા. પછી એક કાગડો નીચે ઉડી આવ્યો, પેટી ઉપર બેઠો અને તેને ચાંચ મારી. તે ઉઘાડી શકે તેમ નથી તેમ જોઇ કાગડો બીજા કાગડાને તેને મદદ કરવા બોલાવવા લાગ્યો (કા કા કરવા લાગ્યો).આ કા કા એ પટાવાળાને ઉઠાડયો. તે ઉભો થયો, બગાસુ ખાધું. પેટી લીધી અને ઓફીસે ગયો.

૭ પણ પાંચ વાગી ગયા હતા. કારકુને પેટી લીધી, તે ઉઘાડી,અને પોતાના શેઠના હુકમો વાંચ્યાં. તે કાગળોની નકલ કરવાના અને તે એકદમ એક દૂર શહેરમાં મોકલી દેવાના હતા. ટપાલ પાંચ વાગે નીકળી અને હવે ઘણું મોડું થયું હતું. વકીલે પોતાનો કેસ (વકીલાત) ખોઇ કારણ કે કાગળો શહેરમાં વખતસર પહોંચ્યા નહીં

---

૧૨. હોંશીયાર જેક.

૧. હોંશીયાર જેક દશ વર્ષનો હતો. તેની ન્હાની બેન નેન, જે માત્ર નવજ વર્ષની હતી તેને ચીડાવવી તે સારૂં ધારતો હતો.

૨. બે નાની ભાખરીઓ હમણાજ આવી પહોંચી હતી. તેથી હોંશિયાર જેક તેમને તેની બહેનપાસે લઇ જાય છે અને બૂમ પાડે છે " જો, નેન ! ત્રણ સુંદર ભાખરીઓ ! "

૩. નેને કહ્યું:—"બે ભાખરીઓ." જેકે કહ્યું "ના, ત્રણ" નેને કહ્યું "હું માત્ર બે જોઉંછું." જેકે કહ્યું "તેનું કારણ એ છે કે તુ છોડી છે. હું તને હમણાજ બતાવીશ તે પ્રમાણે તે ત્રણ છે."

૪. "જો, આ નંબર (નંગ) પહેલો છે, તેથી બીજું ખરેખર નંબર બે હોવો જોઇએ. અને એક અને બે, તું સારી રીતે જાણે છે તે પ્રમાણે જ્યારે એકઠા કરવામાં આવે ત્યારે ત્રણ કરે છે."

૫. પણ બીચારી નહાની નેન માત્ર બેજ જોઇ શકી,તેથી તે રડવા લાગી. તેના બાપે તેને સાંભળી અને તેનું કારણ પુછવા આવી પહોંચ્યો.

૬. જેક ઘણા મોટેથી હસ્યો અને તે બધું શા વિષે હતું તે તેના બાપને કહ્યું. તેના બાપે કહ્યું "શાબાશ! મારા છોકરા, બેશક ભાખરીઓ ત્રણ છે."

૭. તેથી નંબર પહેલો નેનને મળશે અને નંબર બીજો મારો થશે અને મહારા હોશિયાર નાના છોકરા તું નંબર ત્રીજો ખાજે."

૧૩. ઝાડ.

૧. આપણે ઘણુંજ ચાલ્યા છીએ. હું ઘણો થાકી ગયેલો જણાઉં છું તમે પણ થાક્યા છો? કેટલો બધો તાપ છે હવે હું વધારે ચાલી શકતો નથી. ચાલો આપણે બેસી જઇએ અને આ ઝાડ નીચે આરામ લઇએ.

૨. અહીંયા હવા સુંદર અને ઠંડી છે. સૂર્યનું અજવાળું આપણુને પહોંચી શકતું નથી કારણ કે ઝાડના જાડા પાંદડાં તેને રોકી રાખે છે. મારા ગજવામાં થોડા પત્રા છે. ચાલો આપણે તેમાંના થોડા ખાઇએ. અહીયા તમારા માટે થોડાં છે.

૩. આ કેવુ સુંદર જુનું ઝાડ છે! હું ધારૂં છું કે તે સો વર્ષનું હોવું જોઇએ. થડ કેટલું જાડું છે? બધી બાજુએ ડાળીઓ કેટલે દુર ફેલાઇ છે! ઘરના છાપરાની પેઠે તેઓ આપણુને ઢાંકે છે. વચમાંના જાડા થડથી ડાળીઓ ઉભી રહી (ટકી રહી છે)

૪. પાંદડા કેવાં સુંદર દેખાય છે! હમણાં તેઓ ચળકતાં અને લીલાં છે. પણ થોડા વખતમાં તેઓ પીળાં અને ભુરાં થશે. ત્યારે તેઓ તદ્દન સુકાઇ જશે અને જમીન ઉપર ખરી પડશે.

પાંદડાઓ ફક્ત એક વર્ષ જીવે છે. તેમના મરી ગયા પછી નવાં પાંદડાં તેમની જગ્યાએ આવશે.

૫. કોઇ પણ રીતે ઝાડ ખોરાક લેછે ?

૬. હા. ઝાડનો કેટલોક ભાગ તમે જોઇ શકતા નથી. તેઓ જમીનમાં ઉંડા જાય છે. આ ભાગ ઝાડના મૂળ કહેવાય છે. જેવી રીતે જમીન ઉપર થડ છે અને તેમાંથી ઘણી ડાળીઓ બહાર નીકળે છે તેવી રીતે એક મોટું મૂળ છે અને તેમાંથી બીજા ઘણા નાનાં મૂળ ઉગે છે.

૭ આ મૂળ જમીનમાંથી ખોરાક ચૂસે છે, ખોરાક ઝાડમાં જાય છે અને તેને મજબુત બનાવે છે.

૮. મૂળ ઝાડમાટે જમીનમાંથી માત્ર ખોરાક લેતાં નથી પણ તેઓ- દોરડાના જેવાં છે, જે ઝાડને જમીનમાં મજબુત પકડી રાખે છે અને પવનથી તેને ઉખેડાઇ જતું અટકાવે છે.

---

૧૪. સીંહ અને ઉંદર.
ભાગ ૧ લો.

૧. એક દીવસ એક ઉંદરે દોડવા માટે બ્હાર આવવાથી એક સીહને સૂર્યના તાપમાં ઉંઘતો પડેલો દીઠો. તે તેની પીઠ ઉપર કુદવા લાગ્યો. તે તેની કેશવાળીમાં સંતાવા લાગ્યો અને ફરી ફરીને તેના નાક ઉપર દોડવા લાગ્યો અને તેના અચંબામાં તેણે (સીંહે) પોતાની આંખો ઉઘાડી અને બીજું કામ તેણે કર્યું. તે તેનું મ્હોં ઉઘાડવાનું હતું અને તેને પોતાના એક પંજા વડે પકડી રાખવાનું હતું.

૨. તે ગરીબ ન્હાનો ઉંદર બીકથી અધમુવો થઇ ગયો. આખે

શરીરે ધ્રુજતો, હાલતો અને થરથરતો તે બોલ્યો. "અરે રાજા માફ કર અરે મહેરબાની કરી માફ કરો ! અરે મારી જીંદગી બચાવો ! અરે મને જીવવા દ્યો ! મારે માત્ર થોડું રમવું હતું. હવે ફરીથી હું કદી તમારા રસ્તામાં આવીશ નહીં, અને કદાચ કોઇ દીવસે હું તમને મદદ કરીશ !."

૩. તે મ્હોટો સીંહ હસ્યો. તેણે કહ્યું "આટલી ન્હાની વસ્તુ (પ્રાણી) કદી સીંહને જરીપણ મદદ કરી શકે !" પણ તેણે પોતાનો પંજો ઉંચો કર્યો અને તે દોડી ગયો અને બાકીનો દીવસ પોતાના દરમાં રહ્યો.

ભાગ ૨ જો

૪. એવું બન્યું કે એક દીવસ પોતાનો શિકાર કરતાં સીંહ એક જાળમાં પકડાયો. જ્યારે તેને જણાયું કે તે જાળ ભાંગી શકશે નહીં ત્યારે જ્યાં સુધી જંગલ ધ્રૂજવા લાગ્યું ત્યાં સુધી તેણે ગર્જના કરી. શિકારીઓએ તેને એક ઝાડ સાથે બાંધ્યો અને બની શકે તેટલો મજબુત કર્યો. બીજે દીવસે તેઓએ તેને બંદીવાન કરી તેમના રાજા પાસ લઇ જવા ધાર્યું.

૫. પણ રાતમાં જ્યારે તેઓ સૂતા હતા ત્યારે તેણે કાંઇક લપાઇને આવતા જેવો અવાજ સાંભળ્યો. અને પછી એક ન્હાનો ઉંદરડો ડોકીયાં કરવા લાગ્યો અને એક ઝીણી ન્હાની ચીશ કહેતુ સંભળાયું "તે દીવસે તમે મારી જીંદગી બચાવી. હવે હું શું કરી શકું છું તે તમે જોશો." અને તે નહાના ઉંદરે દોરડું બરાબર સીધું કરડયું.

તેણે કહ્યું "અને હવે તમે કદાચ જોશો કે ન્હાના મિત્રો કેવા ઉપયોગી થઇ શકે છે ?"

૧૫. આપણા નોકરો.

૧. દાસ અને વ્યંકટ નામે બે છોકરા એકજ નિશાળે જતા હતા, વ્યંકટ એક પૈસાદાર માણસનો દીકરો હતો; તે એક મ્હોટા ઘરમાં રહેતો હતો અને સોનાના કડાં પહેરતો. દાસ એક ગરીબ માણસનો છોકરો હતો. તે એક ન્હાના ઘરમાં રહેતો હતો અને તેના મા અને બ્હેન ન હોવાથી પોતાના બાપ માટે ખોરાક રાંધતો હતો.

૨. એક દીવસ જ્યારે નિશાળ પૂરી થઇ અને તેઓ ઘેર જતા હતા ત્યારે વ્યંકટે દાસને કહ્યું "દાસ, તું મારી પેઠે પૈસાદાર હો તેવું તું નથી ઇચ્છતો? હું એક સુંદર ઘરમાં રહું છું, અને મારે ત્રણ નોકર છે, તેઓ મારી તહેનાતમાં રહે છે. હું તેમને જે કહું તે તેઓ મારા માટે કરે છે."

૩. દાસે કહ્યું "તે નજીવું છે મ્હારે દશ નોકરો છે જે મારી તહેનાતમાં રહે છે અને મારી આજ્ઞાઓ માને છે."

૪. વ્યંકટે કહ્યું "શું? તું કહે છે કે તારે દશ નોકર છે? તું કેવું જુઠું બોલે છે! હું ધારતો હતો કે તું એક સત્યવાદી છોકરો છે. દરેક જણ જાણે છે કે તારે એક પણ નોકર નથી."

૫ નિશાળનો માસ્તર પાસે ઉભો હતો. છોકરાઓ જે કહેતા હતા તે તે સાંભળતો હતો. તે જાણતો હતો કે દાસ એક સારો છોકરો છે અને કદી જુઠું કહેતો નહીં, તેથી તેણે તે બે છોકરાઓને બોલાવ્યા અને માયાળુપણે કહ્યું. "દાસ, આ કેવી રીતે છે? શું કોઇએ તારા બાપને પૈસાની મોટી રકમ આપી છે, અને શું તે હવે વ્યંકટના બાપ કરતાં વધારે પૈસાદાર છે? જો તેમ ન હોય તો તું કેવી રીતે દશ નોકર રાખી શકે?

અગર તું માત્ર ગમ્મતમાં બડાઇ મારે છે."

૬. દાસ હસ્યો અને કહ્યું "ના, સાહેબ, હું તમને સત્ય કહુ છું. મારે દશ નોકર છે જે મારા હુકમો માને છે. બ્યંકટના નોકરો કોઇ કોઇવાર તેને ન માને. જ્યારે તેમની મરજી પડે ત્યારે તેઓ તેને છોડી દે. તેઓ આળસુ રહે અને બરાબર કામ કરે નહીં. મારા નોકરો તેવા નથી. તેઓ હંમેશા મને તાબે રહેવા તૈયાર હોય છે. મારા નોકરામાંના કોઇએ એક વખત પણ મેં કહ્યું તે ન કર્યું હોય તેવું નથી."

૭. પછી માસ્તરે કહ્યું "આ બધું ઠીક છે. પણ તમારા નોકરો ના નામ અમને કહો" બ્યંકટે કહ્યું "હા, અમને તેમના નામ કહો."

૮. દાસે કહ્યુ "મારા નોકર દશ છે. તેમાંના બે મારા પગ છે. બે મારા હાથ છે, બે મારા કાન, અને બે મારી આંખો છે. આ આઠ થાય છે. તે શિવાય મ્હારૂં નાક અને મારૂં મ્હોં છે.

૯. જો હું કયાંઇ જવા ઇચ્છું તો હું મારા પગને કહું છું "મને ત્યાં લઇ જાઓ." તેઓ એકદમ તાબે થાય છે. જો મારે કાંઇ લેવું હોય છે તો હું મારા હાથને કહુ છું "તે મને આપો" અને મારા હાથ જરાપણ વખત ગુમાવતા નથી, એક પળમાં તેઓ બ્હાર પહોંચે છે અને મને જોઇએ તે આપે છે. જો હું ભુખ્યો હોઉ છું તો મારા હાથ મારા મ્હોંમાં ખોરાક મુકે છે અને મ્હારૂં મ્હોં ખાય છે. જો મ્હારે કાંઇ જોવું હોય તો મારી આંખો એકદમ મને તે બતાવે છે. જો મારે કાંઇ સુંઘવું હોય છે તો મારૂં નાક તે મારે માટે સુંઘે છે.

૧૦ "આ દસ નોકરો હમેશાં તૈયાર હોય છે. એક કામ કરવાને

મ્હારે તેમને કદી બેવાર કહેવું પડતું નથી. મ્હારે તેને કદી ઉઠાડવા પડતા નથી અને કહેવું પડતું નથી કે "ઉભા થાઓ, આ કરો, તે કરો, બ્યંકટના નોકરો જે કરી શકે છે તે મ્હારા નોકરો મ્હારા માટે કરે છે."

૧૧. જ્યારે મહેતાજીએ આ સાંભળ્યું ત્યારે તે ઘણો ખુશી થયો. તેણે કહ્યુ "શાબાશ! તારે દુનિયામાં સૌથી સારા નોકરો છે. જ્યાં સુધી તું તેમના ઉપર ભરોંસો રાખશે અને બાહ્રુતી (નોકરીયાત) નોકરો ઉપર આધાર નહીં રાખે ત્યાં સુધી તું દુનિયામાં ફતેહ પામશે, મારા છોકરા, અને સારૂં કરીશ."

૧૬. બિલાડીને ઘંટ બાંધતાં.

૧. કેટલાક આનંદી ન્હાના ઉંદરો રમવા માટે દોડતા બ્હાર ગયા; પણ એક ઘણી ઘાતકી બીલાડી રસ્તામાં બેઠેલી હતી. તેઓ ઘણા બ્હાર ગયા–તેઓ થોડાજ પાછા આવ્યા, જો તેઓ કાંઇ કરી શકે તેમ હોયતો તે જોવાને તેઓ ભેગા થયા.

૨. તે આપણને પકડે છે અને ખાઇ જાય છે–ઘણુંજ ખરાબ મોત! તે હમેશાં સાંજ સવાર (વહેલીમોડી) આપણી પાછળ પડે છે; તે એટલી બધી ધીમે આવે છે કે આપણે તેને સાંભળી શકતા નથી. તે કાંઇ અવાજ કરતી નથી પણ વધારેને વધારે પાસે આવે છે. આપણે ભયની નિશાની આપવા માટે, તે આવે છે તે ચેતાવવાને અને ઇજામાંથી બચવા માટે શું વિચારી શકીએ?"

૩. બિલાડીને અટકાવવાનો કોઇ રસ્તો શોધવા એક ઉંદરે આમ કહ્યું અને બીજા ઉંદરે તેમ કહ્યું. આખરે એક ન્હાના મ્હોંવાળા ન્હાના ઉંદરે કહ્યું આ બાબતને માફક આવે તેવું કાંઇક

મેં વિચાર્યું છે. હું ધારૂં છું કે બિલાડીને ગળે તેની હીલચાલ કહેવા માટે આપણે એક ન્હાનો ચળકતો ઘંટ (ટોકરી) બાંધવો જોઇએ. તે હાલશે ત્યારે તે વાગશે અને ઘણી સ્પષ્ટતાથી કહેશે "તે આવે છે, તે આવે છે! રસ્તાની બ્હાર જાઓ!"

૪. "આપણે ઉંદરો સાંભળવામાં ઘણા ઉતાવળા છીએ, હવે આપણે લાંબો વખત ભયમાં રહેવું જોઇએ નહી; આપણે સુખી, ખુશી અને સ્વતંત્ર થઇશું! આપણા બધા દીવસો આનંદમાં પસાર થશે!"

૫. ઉંદરોએ કહ્યું "સારૂં! સારૂં!" તેઓ દરેક એકમત થયા. ખરેખર તે કરવા જેવી ઘણી ઉત્તમ ચીજ હતી'

૬. પછી એક ઘરડો ડાહ્યો ઉદર તેની જગ્યાએ ઉભો થયો અને ઘણા ગંભીર ચ્હેરાવડે ધીમે ધીમે કહ્યું "યુક્તિ સારી છે, હું તદ્દન એમ માનુ છુ પણ બિલાડીને ટોકરી બાંધવા કોણ તૈયાર થશે?"

૭. એક બીજા તરફ જોવા લાગ્યા. કોઇ પણ હાલ્યું ચાલ્યું નહીં! શાંતી ભયંકર હતી. કોઇ એક શબ્દ પણ બોલ્યું નહીં, ત્યારે ઘરડા ઉદરે કહ્યું 'હું ધારૂં છુ કે જે કોઇ કરી શકે નહી તે વિષે બોલવું તે મુર્ખતા ભર્યું છે, શુ તમે તેમ નથી ધારતા?"

---

૧૭. છોકરો અને ન્યાયાધિશ.

૧. રામુ એક ન્હાનો આઠ વર્ષનો છોકરો હતો. તે અંગ્રેજીમાં સારી રીતે વાત કરી શકતો હતો. તેનો બાપ એક અંગ્રેજ ન્યાયાધિશના હાથ નીચે કારકુન હતો. તે ન્યાયાધિશને વારંવાર મળવા જતો. એક સાંજે તે રામુને પોતાની સાથે લઇ ગયો.

જડજ (ન્યાયાધિશ) તેની સાથે ઘણી ભલમનસાઇથી બોલ્યો અને રામુ રમુજ પામ્યો (ખુશી થયો)

૨. ન્યાયાધિશે રામુના બાપને પૂછ્યું " તમારો છોકરો કેટલા વર્ષનો છે?" તેણે જવાબ આપ્યો " સાહેબ, 'રામુ આવતી કાલે આઠ વર્ષનો થશે ". ન્યાયાધિશે કહ્યું " અરે, ત્યારે આવતી કાલે તેનો જન્મદિવસ હશે, આવતી કાલે તેને મળવા આવવા દેજો. હું સવારમાં છ વાગે ફરવા જાઉંછું. તેને ત્યારે મોકલજો ". તેના બાપે પૂછ્યું " હું તેની સાથે આવું ? " ન્યાયાધિશે કહ્યું " ના, તેને એકલો આવવા દેજો ".

૩. બીજે દીવસે રામુ ઘણો વ્હેલો ઉઠયો અને ઘણી સંભાળથી લૂગડાં પહેર્યાં, તેણે એક સ્વચ્છ ખમીસ, એક સ્વચ્છ બદન અને પાટલુન અને એક નવી ટોપી પહેર્યાં. પછી તે ન્યાયા· ધિશને ઘેર જવા નિકળ્યો. જ્યારે તે ત્યાં પ્હોંચ્યો ત્યારે તે દરવાજા બ્હાર ઉભો રહ્યો અને રાહ જોવા લાગ્યો. છ વાગે ન્યાયાધિશ ફરવા માટે બ્હાર આવ્યો. તેના એક હાથમાં ચોપડી હતી અને બીજા હાથમાં ફરવા જવાની લાકડી હતી. જ્યારે તેણે રામુને જોયો ત્યારે તે શાંત ઉભો રહ્યો અને હસ્યો.

રામુ—ગુડ બાય, સાહેબ, (જતો રહે છે?

જડજ—ગુડમોર્નીંગ, રામુ! હું તારી સાથે વાત કરૂં તે પહેલાં તું

રામુ—અરે ના, સાહેબ! હું તમને મળવા આવ્યો છું.

જડજ—ત્યારે તું " ગુડ બાય " કેમ કહે છે ?

રામુ—ગઇ કાલે જ્યારે અમે જતા રહ્યા ત્યારે (મ્હારા) બાપે તમને કહ્યું " ગુડ બાય, સાહેબ, " અને તમે પણ કહ્યું

"ગુડ બાય". તેથી જ્યારે મેં તમને જોયા ત્યારે મેં ધાર્યું કે મારે "ગુડ બાય" કહેવું જોઇએ.

જડજ--ના, ના, મ્હારા છોકરા. જ્યારે આપણે જતા હોઇએ ત્યારે જ માત્ર આપણે "ગુડ બાય" કહીયે છીએ. જ્યારે તમે કોઇને મળો ત્યારે તમારે "ગુડ બાય" કહેવું જોઇએ નહીં.

રામુ—સાહેબ, "ગુડબાય" અર્થ શું છે?

જડજ--"પરમેશ્વર તમારી સાથે રહો" એવું કહેવાની ટુંકી રીત "ગુડ બાય" છે.

રામુ—સાહેબ, જ્યારે હું તમને મળ્યો ત્યારે મારે તમને શું કહેવું જોઇતું હતું તે મને મહેરબાની કરી કહેશો?

જડજ—તમારે "ગુડ મોર્નીંગ સાહેબ." તેવું કહેવું જોઇતુ હતું.

રામુ—અને, સાહેબ. જો હું તમને બાર વાગે મળવા આવું તો મારે તમને શું કહેવું જોઇએ?

જડજ—જો તમે દિવસમાં દશ અને બે વાગ્યાની વચ્ચે ગમે તે વખતે આવો તો તમારે "ગુડ ડે" કહેવું જોઇએ. જો બપોરે આવો તો તમારે "ગુડ આફ્ટર નુન" કહેવું જોઇએ.

રામુ—જ્યારે હુ તમને મળવા આવું ત્યારેજ માત્ર મારે તમને "ગુડ મોર્નીંગ, સાહેબ" કહેવું જોઇએ અને જ્યારે જઉં ત્યારે નહીં (ન કહેવું જોઇએ)"

જડજ—અરે ના! જ્યારે તમે આવો અને જાઓ ત્યારે બન્ને વખત તમે "ગુડ મોર્નીંગ સાહેબ" કહી શકો. અથવા તમે જાઓ ત્યારે "ગુડ બાય, સાહેબ" કહી શકો. પણ જ્યારે તમે કોઇને મળો ત્યારે તમારે કદી "ગુડ બાય" કહેવું જોઇએ નહીં.

રામુ—સાહેબ, રાત્રે મ્હારે શું કહેવું જોઇએ?

જડજ—જ્યારે તમે જતા હો ત્યારે તમે "ગુડ નાઇટ, સાહેબ" અથવા "ગુડ બાય, સાહેબ" કહી શકો. અને જ્યારે તમે રાત્રે સુઇ જાઓ ત્યારે તમારે તમારા બાપ મા, બહેન, અને ભાઇ, અને જે કોઇ તમારા ઘરમાં રહેતું હોય તેને "ગુડ નાઇટ" કહેવું જોઇએ.

રામુ—જે મિત્રને હું સારી રીતે જાણતો હોઉં તેને મળું ત્યારે મારે તેને શું કહેવું જોઇએ તે, સાહેબ, મહેરબાની કરી કહો.

જડજ—તમે ગુડ મોર્નીંગ" અથવા "ગુડડે" અથવા "ગુડઇવ-નીંગ" કહી શકો અથવા "હાઉ આર યુ" અથવા "હાઉ-ડુ યુ ડુ" (તમને કેમ છે?) તે કહી શકો.

પણ આજ તારો જન્મ દીવસ છે, ખરૂં કે નહી, રામુ? જો અહીં ત્હારા માટે એક ચોપડી છે. હું તે તને જન્મ દિવસની ભેટ તરીકે આપું છું. અને હું તને તેવા જન્મ દિવસ ફરી ફરીને ઇચ્છું છું.

રામુ—સાહેબ, તમારો આભાર માનું છું; આ, સુંદર ચોપડી મને આપીને તમે ઘણું ભલમનસાઇનું કામ કર્યું છે. હું તે વાંચ-વાનો પ્રયત્ન કરીશ.

જડજ—તે ખરૂં છે, રામુ જો તું તે બરાબર ન સમજી શકે તો, તારા બાપને તને મદદ કરવા કહેજે. તે વાર્તાઓથી ભરપુર ચોપડી છે.

રામુ—સાહેબ, હું તમને એક વધારે સવાલ પુંછું?

જડજ—ઘણી ખુશીથી પુછ, રામુ.

રામુ—સાહેબ, "આ સુખી દિવસ ઘણી વખત આવો" તેનો અર્થ શું?

જડજ—તે આપણે આપણા મિત્રને તેના જન્મ દીવસે કહીયે છીએ. તેનો અર્થ એવો છે કે “ તમે ઘણા વર્ષ જીવો ” “ આ જન્મ દીવસ તમને ફરી ફરીને ઘણીવાર આવો ” “ તમે દરેક વખત સુખી થાઓ. ” હવે મારે ફરવા માટે જવું જોઇએ. તેથી હવે તુ ઘેર પાછો જા.

રામુ—આભાર માનું છું તમારો સાહેબ. ગુડબાય સાહેબ.

---

૧૮. હોંશિયાર કાગડો.

૧ એક ગરમીના દીવસે એક ન્હાનો કાગડો પીવા માટે કયાંઇ પણ મેળવી શકયો નહીં. કયાં જવું તે ને ન્હાનો કાગડો જાણતો ન હતો. તે શાંત બેઠો અને વિચાર કરવા લાગ્યો.

૨ પછી તે એક ઝાડે ઉડયો પણ તેણે કયાંઇ એક પણ પાણીનું ટીપુ જોયું નહીં. આખરે તે એક બાગ પાસે આવ્યો અને ત્યાં જમીન ઉપર એક વાસણ હતું. તેણે વિચાર્યું “ હા ! હવે મને પાણી જડયું છે. ”

૩ તળીયે ચોખ્ખું, ચળકતું ચાણી હતું. કાગડાએ વિચાર કર્યો. “ કાંઇ વાંધો નહીં, હું તે પાણી મેળવીશ ” તેથી તે ડાળ ઉપર કુદયો અને નીચે ઉડયો અને પોતાની તરસ છીપાવવાનો તેણે એકદમ પ્રયત્ન કર્યો.

૪ અફસોસ ! પાણી ઘણું નીચું છે ! લંબાવું અને જોર કરવું બધું નકામુ છે. તે એ પ્રમાણે પાણીને પહોંચી શકશે નહીં.

૫ ત્યારે તે બોલ્યો “ હું તે ઉંધુ પાડીશ. ” અને પોતાના બધા જોરથી ધક્કો માર્યો. તેને ધક્કો મારવાને તેણે નકામો પ્રયત્ન કર્યો. પછી આખરે તેણે તે મુકી દીધું.

૬ તેણે કહ્યું "હું જોઉં છું, તેમ બની શકશે નહીં; વાસણનો ભાર ઘણોજ વધારે છે. હું પ્રયત્ન કર્યે જઇશ નહીં અને તેમ છતાં હું તરસ્યો મરૂં છું ?"

૭ આખરે તેના નાના કાળા મગજમાં એક વિચાર સ્ફુર્યો. તેણે આનંદથી મોટો કા કા કરવા માંડયુ અને કા કા કરતાં તેણે કહ્યું "હું જોઉં છુ કે હું પાણીને પહોંચી શકતો નથી પણ હું તરતજ પાણી મારી પાસે આવે તેમ કરીશ !"

૮ તેથી પોતાની ચાંચમાં કાકરા લાવી, આ આટલા બધા ડાહ્યા ન્હાના કાગડાએ પાણી ઉંચે ચડતાં જોયું ત્યાં સુધી તેમને પાણીમાં નાંખ્યાં.

૯ માંત્ર છ કાંકરાજ વધારે (જોઇએ છે)! તે છલકાઇ જાય છે અને હવે તે પી જાય છે. આ રીતે જ્યાં એકલું જોર નિષ્ફળ જાય છે ત્યાં ચાલાકી કામ આવે છે અને ધીરજ ફતેહ પામેછે.

---

૧૯ અપશબ્દો વિરૂદ્ધ.

૧ રામ નામે એક ન્હાનો છોકરો હમેશાં નિશાળે જતો તે આઠ વર્ષનો હતો અને તેમના મા બાપનો એકનો એક છોકરો હતો. જેઓ તેને ઘણાજ ચાહતા હતા. એક દીવસ તેના શિક્ષકે તેના બાપને કહેડાવ્યું કે તે નિશાળમાં ખરાબ રીતે વર્ત્યો હતો.

૨ બીજે દીવસે સવારે પોતાનો નાસ્તો ખાધા પછી જ્યારે તે તેના હાથમાં ચોપડીઓ લઇ નિશાળે જતો હતો ત્યારે તેના બાપે તેને બુમ પાડી "રામ, એક મીનીટ ઉભો રહે. મારે તને કાંઇ કહેવું છે."

૩ જ્યારે તેની માએ આ સાંભળ્યું ત્યારે તે આવીને જે કહેવાતું હતું તે સાંભળવા બારણાના પગથીયા ઉપર ઉભી રહી. તેના બાપે કહ્યું "તારો શિક્ષક મને કહે છે કે તું ગઇ કાલે ખરાબ રીતે વર્ત્યો હતો. હું આ સાંભળી ઘણો દીલગીર થાઉં છું. તેં શું કર્યું હતું ?

૪ રામે જવાબ આપ્યો "મેં કાંઇ ખોટું કર્યું નથી. મેં ગોવિંદની ચોપડી જમીન ઉપર પાડી નાખી અને તેણે મને ગાળ દીધી અને તેથી મેં તેને તેના બદલામાં ગાળ દીધી. તેણે અવાજ કરી મુકયો અને મને અપશબ્દો કહ્યા મેં પણ તેમજ કર્યું. પિતાજી, શું આ ખોટું હતું ? ગોવિંદની અને મારી બન્નેની સાથે શિક્ષક ગુસ્સે થયા."

૫ તેના બાપે જવાબ આપ્યો; મ્હારા વ્હાલા છોકરા, તે ખોટું કર્યું. તારો શિક્ષક મને કહેવામાં તદ્દન ખરો હતો. તારે કદી કોઇને ગાળ દેવી જોઇએ નહીં. જ્યારે બીજાઓ તેને ગાળ દે છે ત્યારે સારો છોકરો તેમને કદી પણ દેતો નથી, સારા છોકરાના મ્હોંમાંથી કદી અપશબ્દો નીકળવા જોઇએ નહી ખરાબ શબ્દો ધુળ જેવા છે; તેઓ તમને બગાડે છે (ભ્રષ્ટ કરેછે) અરે ! મારા છોકરા ફરીથી કદી અપશબ્દો બોલતો નહી".

૬ તેની માએ કહ્યું "તે બરાબર છે." માત્ર ખરાબ છોકરાઓજ અપશબ્દો બોલે છે. મ્હારા વ્હાલા છોકરા તેં કદી તારા બાપને ખરાબ શબ્દો બોલતા સાંભળ્યા છે ? તે જે કહે છે તે ધ્યાનમાં રાખ અને તે કહે છે તે પ્રમાણે કર."

૭ રામ સારો છોકરો હતો. તે તેના માબાપને ચાહતો હતો અને તેમને રાજી રાખવા ઇચ્છતો હતો. તેણે કહ્યું " પિતાજી, હું

ફરીથી કદી એક પણ અપશબ્દ બોલીશ નહી. અને તેણે પોતાનું વચન પાળ્યું.

---

૨૦. ગંજીમાનો કુતરો.

૧ એક ઘરડો બળદ આખો દીવસ સખત કામ કરી સાંજે પોતાનું ઘાસનું ખાણું ખાવા ઘેર આવ્યો. પણ જ્યારે તે પાસે આવ્યો અને પોતાની ગંજીમાં જોયું ત્યારે પોતાના ખાણાની ઉપર એક અજાણ્યાને તેણે જોયો અને એક ગુસ્સા ભર્યો અવાજ બોલ્યો "બાઉ! વાઉ! વાઉ! હું ઉંઘું છું, તમે અહી હમણા આવી શકશો નહીં."

૨. બળદે કહ્યું "પણ, કુતરા! તું ઘાસ ખાઇ શકતો નથી." કુતરાએ કહ્યું "હા, હા, હું તે જાણું છું. જતો રહે. હવા ગરમ છે અને મારે ઉંઘવું છે; તું જુવે છે તે પ્રમાણે હુ અહીં છું અને હું અહીંજ રહીશ.,'

૩. તે દાંતીઆ કરવા લાગ્યો અને ઘુરકીયાં કરવા લાગ્યો અને લડવા લાગ્યો. તેથી બળદ જે સારી રીતે જાણતો હતો કે કુતરૂં કેવી રીતે કરડે છે તે પાછો ફર્યો અને ભૂખ્યો ચાલ્યો ગયો અને તે દીવસે તેને જરા પણ ખાણું મળ્યું નહીં.

જે સ્વાર્થી છે તે "ગંજીમાનો કુતરો" કહેવાવાના ભયમાં રહે છે

---

૨૧ એક સારૂં સાટું.

૧ ગોપાલ—બ્યંકટ, તું મારી સાથે બજારમાં આવીશ? હું થોડી મીઠાઇ ખરીદવા જાઉ છું. હું તને થોડી આપીશ.

૨. વ્યંકટ—અરે હા, હું આવીશ. મીઠાઇ ખરીદવાને તારી પાસે કેટલા પૈસા છે ?

૩. ગોપાલ—મ્હારી પાસે બે આના છે.

૪. વ્યંકટ – અરે, તું પૈસાદાર છે ! તેં આટલા બધા પૈસા ક્યાંથી મેળવ્યા ?

૫. ગોપાલ—સોનીનો દીકરો રંગુ જે આપણી નિશાળે આવે છે તેને તું ઓળખે છે ? મેં હમણાંજ તેની સાથે એક સારૂં સાટું કર્યું છે મેં તેને મારો કાગળનો પતંગ બે આને વેંચ્યો.

૬. વ્યંકટ—તેણે તેને માટે આટલું બધું શા માટે આપ્યુ ? તું જાણે છે કે તેં તેને માટે માત્ર એક આનો આપ્યો હતો. રંગુએ બે આનાના બે નવા પતંગ ખરીદ્યા હોત.

૭. ગોપાલ—હા, પણ તે તે જાણતો નહતો. તે માત્ર એક ન્હાનકડો છોકરો છે. તે કોઇ પણ ચીજની કીંમત જાણતો નથી. મે તેને કહ્યું મેં તે પતંગ ચાર આનાનો ખરીદ્યો છે અને કહ્યું ને હું તેને અડધી કીંમતે આપીશ. તે તેને માટે મને બે આપવા ખુશી હતો.

૮. વ્યંકટ–તેથી જેણે તારા વચન ઉપર વિશ્વાસ રાખ્યો તેવા ન્હાના છોકરા પાસેથી ચાર પૈસા છેતરી લેવા માટે તેં તેને જુઠું કહ્યું. અને આને તું સારૂં સાટું કહે છે. જતો રહે ! હું ત્હારાથી શરમાઉં છું. હું જુઠ્ઠા અને લુચ્ચા માણસની મિત્રતા કરીશ નહીં. અને રંગુને કહીશ કે તેં તેને છેતર્યો છે. હું તેને કહીશ કે તેણે તારા ઉપર ફરીથી વિશ્વાસ રાખવો નહી.

૯. ગોપાલ—અરે વ્યંકટ મને શરમમાં મુકતો નહીં. હું મારી જાતે

રંગુને કહીશ. તેને પૈસા પાછા આપીશ. હું ઘણો દીલગીર છું કે હું જુઠું બોલ્યો.

૧૦. વ્યંકટ—બહુ સારૂ ત્યારે, હું હજુ તારો મીત્ર થઇશ પણ એક દમ રંગુ પાસે જા અને તેને કહે કે તું દીલગીર છે. તે ન્હાના છોકરાને તેના પૈસા પાછા આપ. ગોપાલ, ભુલી જતો નહીં કે લોકો સત્ય બોલનારને ચાહે છે. લોકો કદી જુઠા માણુસો ઉપર વિશ્વાસ રાખતા નથી. જુઠું બોલીને એક બે વખત તમે થોડો નફો મેળવો; પણ લોકો જાણે છે કે તમે જુઠા છો ત્યારે, તમે સાચું બોલો તો પણ કોઇ તમારા ઉપર વિશ્વાસ રાખશે નહીં.

---

૨૨. વાયુ અને સૂર્ય.

૧. વાયુએ સૂર્યને કહ્યું "હું તમારા કરતાં વધાર જોરાવર છું" સૂર્યે વાયુને કહ્યું. "તે સાચું હોય તેની મને શંકા છે; ચાલો આપણે પરીક્ષા કરીએ અને તમે તથા હું જોઇએ કે આપણા માંનો કોણ જોરાવર જુવાન માણુસને તેનો જાડો ઝભ્ભો ઉતારી લેવાની જરૂર પાડે છે; તે એક ગમ્મત થશે! જે ફતેહ પામશે તે વધારે જોરાવર ગણાશે અને પછી આપણે તે વિષે વધારે કજીઓ કરવા જરૂર નથી."

૨. વાયુએ કહ્યું "તરત થઇ રહે તેવી કેવી મજા!" તેથી તેણે ઘણુંજ વાવા માંડયું અને તે માણુસને આખો ઠંડોગાર કરી નાખ્યો. તે માણુસે કહ્યું "મારા ગળામાં ખરાબ શરદી થશે!" અને જેમ વધારે વાયુ વાવા લાગ્યો તેમ તે વધારે ઠંડો

થવા લાગ્યો અને પોતાનો જાડો કાળો ઝભ્ભો વધારે મજબુત કરવા લાગ્યો.

૩. સૂર્યે કહ્યું "ચાલો, હવે, હું ધારૂં છું કે હવે મારો વારો છે; તમે તરતજ જોશો કે તમારે કાંઇક શીખવાનું છે." તોફાન પછી ધીમે ધીમે અને શાંત રીતે, ગરમ અને ઝીણો તડકો નીકળ્યો. કીરણો વધારેને વધારે ગરમ પડવા લાગ્યાં. આખરે બધી હવા ઝાંખી જણાવા લાગી. તે માણસે કહ્યું "અરે! હું શું કરીશ! હું એટલો બધો ગરમ થઇ ગયો છું!" તેના ચ્હેરા ઉપર મોટાં પરસેવાનાં ટીપાં પડવા લાગ્યાં ત્યારે તેનો કોટ તેણે કાઢી નાંખ્યો, કારણ કે તે તે સહી શક્યો નહીં. તેતે ઘેર લઇ ગયો, કારણ કે તે તે પહેરી શક્યો નહીં. વાયુએ સૂર્યને કહ્યું" તમે મને જીત્યો છે. હવે હું જાણું કે તમે મારા કરતાં ઘણાજ જોરાવર છો.

૨૩. કાગળો લખતો.

બાપ—ગોવિંદ, તું શું કરે છે,

ગોવિંદ—પિતાજી હું એક કાગળ લખું છું.

બાપ—તું અડધા કલાકથી તે ટેબલ આગળ બેઠોછું. શું તારો કાગળ પૂરો થવા આવ્યો છે!

ગોવિંદ—ના, પિતાજી, મેં હજુ પૂરો કર્યો નથી.

બાપ—મને તારો કાગળ જોવાદે, અરે! તેં શરૂ પણ કર્યું નથી!

ગોવિંદ—પિતાજી મને કાગળ લખતાં નથી આવડતો. મેં કેશવને આજ કાગળ લખવાનું વચન આપ્યું હતું. મેં ફરી ફરીને પ્રયત્ન કર્યો પણ શું કહેવું તે મને આવડતું નથી.

બાપ—જો કેશવ અહીં હોત તો તેની સાથે વાત કરી શકત, કેમ
કરી શકત કે નહીં ? શું કહેવું તે તું જાણત. તું અડધા કલાક
સુધી શાંત બેસી રહેત નહીં તેમજ કાંઇ કહ્યા વગર રહેત નહીં.

ગોવિંદ—અરે ના ! પિતાજી. કોઇની સાથે વાત કરવી સ્હેલી છે, પણ
કોઇને લખવું ઘણું અઘરૂં છે.

બાપ—સારૂ, મ્હારા છોકરા, કાગળ કેવી રીતે લખવો તે હું તને
કહીશ. ધાર કે કેશવ ત્હારા મ્હોં આગળ ઉભો છે. જો તે અહીં
હોત અને જે કાંઇ તું તેને કહેત તે લખી લે. જ્યારે જ્યારે
તું કોઇને લખે ત્યારે આ પ્રમાણે કરજે. જો તે માણસ તારી
પાસે હોય અને જે તું તેને કહે તે લખજે.

ગોવિંદ—પણ કાગળ કેવી રીતે શરૂ કરવો તે મને નથી આવડતું.

બાપ—કોઇ પણ કાગળ કેવી રીતે શરૂ કરવો તે હું તને કહું છું. જો તું
મને અથવા તારી માને, અથવા તારા કાકાને લખતો હો તો
તારે આ રીતે શરૂ કરવું—"મ્હારા વ્હાલા પિતાજી," અથવા
"મ્હારી વ્હાલી મા" અથવા "મ્હારા વ્હાલા કાકા", અથવા
"મ્હારી વ્હાલી કાકી". આ રીતે અમારી સાથે બોલે છે
અને તારે આજ રીતે લખવું.

જ્યારે તું ત્હારી બેન સીતાને, અથવા ત્હારા ભાઈ રામુને અ-
થવા ત્હારા પિત્રાઇ ભાઇ વીઠ્ઠલને લખે ત્યારે "મ્હારી વ્હાલી સીતા"
અથવા "મ્હારી વ્હાલી બ્હેન" તે રીતે શરૂ કરવું. તારા ભાઇને
તું "મારા વ્હાલા રામુ" અથવા "મ્હારા વ્હાલા ભાઇ" તે રીતે
લખી શકે. અને ત્હારા પિત્રાઇ ભાઇ વીઠુને લખતાં તારે "મ્હારા વ્હા-
લા વીઠુ" અથવા "મ્હારા વ્હલા (પિત્રાઇ) ભાઇ" તે રીતે શરૂ કરવું.

જ્યારે નિશાળમાં તું તારા શિક્ષક જોડે બોલે છે ત્યારે તું

"સાહેબ" કહે છે. અને જ્યારે તું કોઇ અજાણ્યા અથવા તું જાણતો નહોય તેવા કોઇની સાથે બોલતો હોય ત્યારે પણ તારે "સાહેબ" કહેવું જોઇએ. તેજ રીતે જ્યારે તું તારા શિક્ષકને અથવા અજાણ્યા માણસને લખે ત્યારે તારે તારો કાગળ "મ્હારા પ્યારા સાહેબ," અથવા "પ્યારા સાહેબ" થી શરૂ કરવો. જો કેશવ જેવા બીજા તારા મીત્રને લખતો હોય તો તેને તું તેના નામથી બોલાવે અને "મ્હારા કેશવ "અથવા" મ્હારા વ્હાલા મિત્ર" થી શરૂ કરી શકે.

ગોવિંદ—અને પિતાજી, મારે મારો કાગળ કેવી રીતે પુરો કરવો ?

બાપ—તારે તારો કાગળ આ રીતે પૂરો કરવો જોઇએ.

તારા મા અથવા બાપને—

હું છું.

તમારો વ્હાલો દીકરો.

તારા કાકા અથવા કાકીને—

હું છું.

તમારો વ્હાલો ભત્રીજો.

તારા પિત્રાઇ ભાઇને—

હું છું,

ત્હમારો વ્હાલો (પિત્રાઇ) ભાઇ

ત્હારી બ્હેન અથવા ભાઇને—

હું છું,

ત્હારો વ્હાલો ભાઇ.

સારી પેઠે ઓળખતા મિત્રને—

હું છું,

ત્હમારો ઘણો ખરેખર

અથવા,

હું છું.

તમારો ખરેખર.

અજાણ્યાને—

હું છું.

તમારો વિશ્વાસુ

તારા શિક્ષકને—

હું છું.

તમારો આજ્ઞાંકીત શિષ્ય.

---

૨૪ ઇચ્છાથી કામ કરો.

૧. છોકરાઓ, જ્યારે તમારે કામ કરવું હોય ત્યારે તે ઇચ્છા પૂર્વક કરો; છોકરાઓ, જે ટોચે પહોંચવા ઇચ્છે છે તેમણે પહેલાં ટેકરી ચડવી જોઇએ.

૨. છોકરાઓ, તળીયે ઉભા રહી, આકાશ સામુ જોયા કરવાથી, જો તમે પ્રયત્ન ન કરો તો ઉપર કેવી રીતે ચડી શકો ?

---

૨૫ ભલી રાણી વિક્ટોરીઆ.

૧. રાણી વિક્ટોરીયા એક મહાન રાણી હતી. તે વળી એક ઘણી ભલી સ્ત્રી હતી.

૨. જ્યારે તે ન્હાની છોડી હતી ત્યારે તે જાણતી ન હોતી કે તે એક દીવસ ઇંગ્લાંડની મહારાણી થશે. તે વખતે વિલિયમ ચોથો રાજા હતો અને તે વિક્ટોરીયાનો કાકો થતો હતો. તેને એક છોકરૂં નહતું.

૩. તેના મિત્રો જાણુતા હતા કે જો તે જીવશે તો તે રાણી થશે પણ જ્યાં સુધી તે બાર વર્ષની થઇ ત્યાં સુધી તે તે જાણતી નહોતી.

૪. પછી એક દીવસ જ્યારે તે પોતાનો ઇતીહાસનો પાઠ લેતી હતી ત્યારે તેણીની માએ તેને કહ્યું કે જ્યારે વિલિયમ ચોથો મરશે ત્યારે તે રાણી થશે.

૫. તે નાની કુંવરીની વાદળી આંખો આંસુથી ભરાઇ આવી અને તેણે કહ્યું; "મા, જે તેં કહ્યું છે તે મને બીવડાવે છે. પણ હું મારી ફરજ અદા કરીશ અને હું ભલી થઇશ."

૬. તે દીવસથી તે નાની રાજકુંવરી પોતાના પાઠ ભણવા લાગી અને પોતાની જાતને ઇંગ્લાંડની મહારાણી થવાને યોગ્ય કરવા પ્રયાસ કર્યો.

૭. વર્ષો ચાલ્યાં ગયાં અને જ્યારે કુંવરી વિકટોરીયા અઢાર વર્ષના થઇ ત્યારે, તેનો કાકો રાજા વિલિયમ ચોથો ગુજરી ગયો. સવારના પહોરમા આ ખબર વિકટોરીયા **જે તે વખતે લંડનમાં એક મહેલમાં રહેતી હતી તેની પાસે લઈ જવા બે ગૃહસ્થોને મોકલવામાં આવ્યા.**

૮. જ્યારે તે બે ગૃહસ્થો મહેલ પાસે આવ્યા ત્યારે તેમને કહેવામાં આવ્યું કે કુવરી વિકટોરીયા ઉંઘી ગઇ છે. તેમ છતાં, તરતજ કુંવરી તેમને મળવાને નીચે આવી.

૯. તેના કાકાના મોતના સમાચાર વિકટોરીયાને કહેવામાં આવ્યા કે તરતજ તે રડી પડી. હવે તે જાણુતી હતી કે તે ઇંગ્લાંડની મહારાણી થઇ હતી અને તેને એક મ્હોટું કામ કરવાનું હતું.

૧૦. એક વર્ષ કરતાં વધારે વખત પછી તે ન્હાની રાણીનો વેસ્ટ-

મીન્સ્ટર એબીમાં ઘણા ભભકા સાથે રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આ લંડનમાં એક મોટું દેવળ છે. તેમાં ઈંગ્લાંડના રાજા અને રાણીઓનો હમેશાં રાજ્યાભિષેક થાય છે. જ્યારે તેના મસ્તક ઉપર મુગટ મુકવામાં આવ્યો ત્યારે, મોટા ઉમ-રાવો આગળ આવ્યા અને તેના આગળ ઘૂંટણીએ પડ્યા અને તેનો હાથ ચૂંબ્યો.

૧. પછી આ મોટા દેવળમાંના બધા લોક ઉભા થયા અને ગાયું કે "પરમેશ્વર રાણીનું રક્ષણ કરો!" ત્રેસઠ કરતાં વધારે વર્ષો સુધી વિક્ટોરીયા ઈંગ્લાંડની મહારાણી હતી. એ બધા વર્ષોમાં તેણે પોતાની ફરજ બજાવી. લોકો સારા અને સુખી થાય તેવી રીતે તેમના ઉપર તેણે રાજ્ય કર્યું.

૧૨. મહારાણી વીક્ટોરીયાને ઘણાં દુઃખો અને કષ્ટો સહન કરવાં પ-ડ્યાં હતાં. તેણે પોતાનો ધણી જેને તે ઘણોજ ચાહતી હતી તેને ખોયો અને તેના કેટલાંક છોકરાં ન્હાનાં હતાં ત્યારેજ મરી ગયાં. તેના રાજ્યમાં ઘણી લડાઇઓ થઇ અને તેમણે તેને ઘણું દુઃખ દીધું.

૧૩. પણ પોતાના બધા અમલમાં તેણે પોતાનું પહેલું સારૂં થવાનું અને પોતાની ફરજ બજાવવાનું વચન પાળ્યું. ઈંગ્લાંડના બીજા કોઇ રાજા અથવા રાણી કરતાં વધારે લાંબો વખત રાજ્ય કર્યા પછી તે ૧૯૦૧ માં મરી ગઇ. તેની બધી પ્રજા તેને માટે દીલગીર થઇ, કારણ કે તે એક ભલી માતા, પ્રેમાળ સ્ત્રી, અને ખરી રાણી હતી.

૨૬ ઊંટ.

૧. ઊંટ રણ કહેવાતા ગરમ પ્રદેશમાં રહે છે.

૨. કેટલાક ઉંટોને પીઠ ઉપર એક મોટો ગાંઠો હોય છે જેને ખુંધ કહે છે અને કેટલાકને બે હોય છે.

૩ ઉંટ મજબુત હોય છે અને લોકોને લઇ જવા માટે અને ગરમ રેતીવાળા મેદાનોમાં થઇ માલ લાવવા માટે ઘણાં ઉપયોગી છે. ત્યાં આગળ એટલી બધી ગરમી હોય છે કે કોઇ ઘોડો કે બીજું કોઇ જનાવર આ કામ કરી શકતું નથી. તેનો પગ પહોળો, પોચો અને સપાટ હોય છે તેથી તે રેતીમાં ખુંચી જતો નથી.

૪. ગરમ મેદાનો ઓળંગતા લોકોને પાણી શોધવા માટે વારંવાર ઘણું દૂર જવું પડે છે. ગરમ સૂર્ય મેદાનોને સુકવી નાંખે છે અને ઘણા માઇલ દૂર કુવાઓ અને તળાવોમાં માત્ર પાણી મળી આવે છે.

૫. ઊંટ ઘણે દૂરથી પાણી સુંધી શકે છે અને જ્યાં સુધી ત્યાં પહોંચે છે ત્યાં સુધી આગળ ને આગળ જાય છે. પછી તે સારી રીતે પીયે છે. તેપર સ્વારી કરનાર પણ નીચે ઉતરે છે અને સારી રીતે પીયે છે અને તેની ચામડાની કોથળી પાણીથી ભરી લે છે.

૬ ઉંટ રેતવાળા મેદાનોમાં થઇને જાય છે તે પહેલાં તે પુષ્કળ પાણી પીયે છે જેથી જ્યારે તે કુવાઓથી દૂર હોય છે ત્યારે લાંબા વખત સુધી પાણી વિના જીવી શકે છે.

૭. રણો મોટાં મેદાનો છે જ્યાં રેતી શિવાય બીજું કાંઇ દેખાતું નથી. તેમાં ઘરો કે ઝાડ કે ગામડાં કે રસ્તાઓ પણ હોતા

નથી. તેઓ દરીયા જેવાં છે જ્યાં પાણીને બદલે રેતી હોયછે. માણસો વ્હાણવડે દરીઆઓ ઓળંગે છે અને ઉંટ માણસને આવાજ ઉપયોગનું છે તેથા અને તેમને સૂકા રેતાળ રણમાંથી લઇ જાય છે તેથી તેને "રણનું વ્હાણ" કહેવામાં આવે છે.

૮. લોકોને અને માલને ઉપાડી જતાં ઉંટની એક હારને કારાવાન (ઉંટોનું ટોળું, મુસાફરોનું ટોળું.) કહેવાય છે.

---

૨૭. હાથા.

૧ જે પ્રાણીઓ જમીન ઉપર રહે છે તેમાં હાથી મ્હોટામાં મ્હોટું પ્રાણી છે. તમે કદી એક (હાથી) જોયો છે? હાથીના ચીત્ર તરફ જુવો.

૨. તેને એક મોટી સૂંઢ છે. તે પાંચ છ ફુટ લાંબી છે. તે તેના મ્હોં આગળ લટકે છે. સૂઢના છેડે એક જાતનો હોઠ છે જે ફચો વળે છે. તેવડે હાથી કોઇપણ ચીજ ઉપાડી શકે છે. જમીન ઉપર પડેલી એક બેઆની પણ તે ઉપાડી શકે છે.

૩. હાથી તેની સુંઢવડે ખાય છે. તે વડે ખોરાક ઉચકે છે અને ખોરાકને પોતાનાં મ્હોંમા મુકે છે. તે સુંઢવડે પાયે પણ છે. તે સુંઢ પાણીથા ભરે છે. પછી તે તેનો છેડો પોતાના મ્હોંમાં મુકે છે અને પાણી ગળામાં રેડે છે.

૪ (પુરૂષ) હાથાને બે લાંબા દંતુષ હોય છે. તે ત્રણ ચાર ફુટ લાંબા હોય છે. તે ઘણા ધોળા, લીસા, અને સખત હોય છે. તેવડે તે ઝાડ ખોદી કાઢે છે અને વાઘને પણ મારી નાંખે છે.

૫. હાથી ઘણા જોરાવર હોય છે. જ્યારે પાળવામાં આવે છે ત્યારે તેઓ માણસ માટે કામ કરે છે. હીંદુસ્થાન અને બ્રહ્મદેશમાં

તે ઇમારતી લાકડાંના વાડાઓમાં કામ કરે છે અને ઇમારતી લાકડાં અને બીજા તોલદાર ભાર ઉચકી શકે છે અને લઇ જઇ શકે છે.

૬, ચાર પાંચ માણસ ખસેડી શકે નહીં તેવો લાકડાંનો કકડો હાથી તેના દંતુશ ઉપર ઉપાડી લઇ શકે છે. પોતાની પીઠ ઉપર તે પાંચ છ માણસ લઇ જાય છે.

૭. તેની દેખરેખ રાખવા માટે, તેને ખવડાવવાને, અને તેને હાકવાને તેને માવત હોય છે, માવત તેની મરજી પ્રમાણે તેને ઉભો રાખી શકે છે, બેસાડે છે. ખસેડી શકે છે અને શાંત ઉભો રાખી શકે છે. તે તેના માવતને માને છે.

